# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 08-08-2026 I VOL : 12 I Issue : 144 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**


આજનો નિર્ણય આવતીકાલનું ભવિષ્ય બનાવે છે. બહાદુર લોકો જ નવી દિશા બનાવે છે. "


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  ગળતેશ્વરના મીઠાના મુવાડામાં તંત્રની લાપરવાહી સામે ગ્રામજનોનો આક્રોશ


4  RSS પ્રમુખ મોહન ભાગવતના 'જેન-ઝી' અંગેના નિવેદનથી...

6  સંજીદા શેખ-હર્ષવર્ધન રાણેએ રિલેશનશિપ કન્ફર્મ કર્યું!

7  ટેસ્ટ સીરિઝ પહેલાં ગિલ ઈજાગ્રસ્તઃ BCCI ટેન્શનમાં


## એક નજર...

### રકુલ પ્રીત સિંહે કેમેરા સામે ફ્લોન્ટ કર્યો ટોન્ડ લેગ



રકુલ પ્રીત સિંહ આજે તેના ઉત્તમ અભિનય માટે જાણીતી છે. હાલમાં તેની પાસે ઘણી ફિલ્મો છે. આ અભિનેત્રીએ દક્ષિણ સિનેમાથી લઈને બોલિવૂડ સુધી પોતાના અભિનયનો જાદુ પાથર્યો છે. જ્યારે પણ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ સ્ક્રીન પર આવે છે, ત્યારે દર્શકો તેના પરથી નજર હટાવી શકતા નથી. અભિનેત્રીએ એ પણ સાબિત કર્યું છે કે તે કોઈપણ પ્રકારનું પાત્ર સારી રીતે ભજવી શકે છે.

## NEWS TRACK

### થાઈલેન્ડમાં 9મા ધોરણના વિદ્યાર્થીએ કર્યું અંધાધૂંધ ફાયરિંગ, શિક્ષક સહિત 6 લોકોના મોત

થાઈલેન્ડની રાજધાની બેંગકોક નજીક આવેલી એક શાળામાં શુક્રવારે (સાતમી ઓગસ્ટ) અંધાધૂંધ ગોળીબારની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોન્થાબુરીના બાંગ કુઇ જિલ્લામાં આવેલી ડેબસિરિન નોન્થાબુરી સ્કૂલમાં જ વિદ્યાર્થીએ અંધાધૂંધ ગોળીબાર કરતાં એક શિક્ષક સહિત 6 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 15 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના બાદ સમગ્ર દેશમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વિદ્યાર્થીએ વર્ગખંડમાં અંધાધૂંધ ફાયરિંગ કર્યું અહેવાલો અનુસાર,, હુમલાખોર વિદ્યાર્થી તે જ શાળામાં ધોરણ નવમા અભ્યાસ કરતો હતો, જેની ઉંમર આશરે 14 વર્ષની હોવાનું કહેવાય છે. શાળા ચાલુ હતી, આ દરમિયાન કેમ્પસમાં અચાનક ફાયરિંગનો અવાજ ગુંજી ઊઠ્યો હતો. ગોળીબાર થતાં જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સ સ્થળ પર દોડી આવ્યા હતા. હુમલાખોર વિદ્યાર્થીનું પણ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે.

### સુપ્રીમ કોર્ટની લપડાક બાદ પણ ટ્રમ્પ ન સુધર્યા, જન્મજાત નાગરિકતા વિરુદ્ધ ખેલ્યો નવો દાવ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મથી મળતી નાગરિકતા (બર્થરાઈટ સિટીઝનશિપ)ના નિયમોને કડક બનાવવા માટે બે નવા આદેશો જાહેર કર્યા છે. આ અગાઉ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના એ આદેશને રદ કરી દીધો હતો, જેમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના બાળકોને નાગરિકતા આપવાની મનાઈ કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા સામે ઝૂકવાને બદલે ટ્રમ્પે હવે બે નવા આદેશો જારી કરીને કોર્ટના નિર્ણયને પલટાવવાનો પ્રયાસ કર્યો છે. 'બર્થ ટૂરિઝમ' અને વિદેશી નાગરિકોના બાળકો પર લગામ ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા આદેશોમાંથી પહેલો આદેશ 'બર્થરાઈટ સિટીઝનશિપ'ને નિશાન બનાવે છે. આ આદેશ અનુસાર, જે મહિલાઓ માત્ર બાળકને જન્મ આપવાના હેતુથી ટૂરિસ્ટ વીઝા પર અમેરિકા આવે છે જેથી તેમનું બાળક જન્મક્ષેત્રના આધારે ઓટોમેટિક અમેરિકન નાગરિક બની જાય, તેવા બાળકોને હવે નાગરિકતા આપવામાં આવશે નહીં. આવી પ્રક્રિયાને 'બર્થ ટૂરિઝમ' તરીકે ઓળખવામાં આવે છે.

ભારે વરસાદ વચ્ચે રામ મંદિરમાં દાન ચોરી અને જંતર-મંતર પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે વિરોધ પ્રદર્શન કર્યું

# સંસદમાં વિપક્ષનું પ્રદર્શન, બંને ગૃહ સોમવાર સુધી સ્થગિત

## વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ વિધેયક 2026 (MSME વિધેયક) ધ્વનિમતથી પસાર થયું

નવી દિલ્હી

વિરોધ પક્ષના સાંસદોએ શુક્રવારે પણ સંસદ પરિસરમાં ભારે વરસાદ વચ્ચે રામ મંદિરમાં દાન ચોરી અને જંતર-મંતર પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે વિરોધ પ્રદર્શન કર્યું. વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ (સંશોધન) વિધેયક 2026 (MSME વિધેયક) ધ્વનિમતથી પસાર થયું. ત્યારબાદ લોકસભા- રાજ્યસભા સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી. કોંગ્રેસે શુક્રવારે લોકસભામાં સ્થગન પ્રસ્તાવ રજૂ કરીને વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અંગે ચર્ચાની માંગ કરી છે. સાંસદ મણિકમ ટાગોરે ગૃહમંત્રી અમિત શાહ પાસે સમગ્ર મામલે નિવેદન આપવા અને ન્યાયિક તપાસ કરાવવાની માંગ કરી. પીએમ મોદીને તેમના ઘરે પ્રથમ વખત ચૂંટાયેલા અને નવા લગભગ 45 લોકસભા સાંસદોએ શુક્રવારે સવારે 9 વાગ્યે બ્રેકફાસ્ટ સાથે મુલાકાત કરી. નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) ના જગદીશ બસુનિયાએ કહ્યું- પીએમએ અમને કહ્યું કે આપણે બધા NDA પરિવારનો ભાગ છીએ.




### કોંગ્રેસે લોકસભામાં સ્થગન પ્રસ્તાવ રજૂ કર્યો

કોંગ્રેસે શુક્રવારે લોકસભામાં સ્થગન પ્રસ્તાવ રજૂ કરીને વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અંગે ચર્ચાની માંગ કરી છે. સાંસદ મણિકમ ટાગોરે ગૃહમંત્રી અમિત શાહ પાસે સમગ્ર મામલે નિવેદન આપવા અને ન્યાયિક તપાસ કરાવવાની માંગ કરી. લોકસભાની કાર્યવાહી શુક્રવારે 11 વાગ્યે શરૂ થઈ હતી પરંતુ વિપક્ષના હોબાળાને કારણે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. 12 વાગ્યે ફરીથી કાર્યવાહી શરૂ થઈ અને 10 મિનિટ સુધી ચાલી પરંતુ પછી સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી.

NDA નેતાઓને પણ દિલ્હીમાં રહેવા નિર્દેશ

## સંસદમાં કંઈક મોટું થવાના એંધાણ: કોંગ્રેસના સાંસદો માટે વ્હીપ જાહેર


દેશનો મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ, ચોમાસુ સત્ર દરમિયાન સંસદના નીચલા ગૃહ એટલે કે, લોકસભામાં પોતાની પૂરી તાકાત દર્શાવવાની તૈયારી કરી રહ્યો છે. કોંગ્રેસે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ (Three-line Whip) જારી કર્યો છે. જે અંતર્ગત પાર્ટીએ પોતાના તમામ સાંસદોને ગૃહમાં હાજરી સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળ (CPP) ના મુખ્ય સચેતક એટલે કે ચીફ વ્હિપ કોડિકુન્નિલ સુરેશે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ જારી કર્યો હતો. જેમાં તેમણે તમામ સાંસદોને નિર્દેશ આપ્યો છે કે, તેઓ સોમવારથી બુધવાર સુધી એટલે કે 10, 11 અને 12 ઓગસ્ટના રોજ સવારે 11 વાગ્યાથી ગૃહમાં અનિવાર્યપણે ઉપસ્થિત રહે. આ સમયગાળા દરમિયાન ગૃહમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ સંજોગોમાં તેમની ગેરહાજરી સ્વીકારવામાં આવશે નહીં.

## ભારતે અગ્નિ-4 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

### ડિજિટલ કંટ્રોલ સિસ્ટમથી સજ્જ, 4000 કિમીની રેન્જ સુધી નિશાન સાધી શકે છે

નવી દિલ્હી



ભારતે ગુરુવારે ઓડિશાના ચાંદીપુરના ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-4નું સફળ પરીક્ષણ કર્યું. રક્ષા મંત્રાલયે જણાવ્યું કે આ મિસાઈલના તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પેરામીટર્સની ચકાસણી કરવામાં આવી, જે સંપૂર્ણપણે સફળ રહ્યા. આ પરીક્ષણ સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું. તેમાં એડવાન્સ્ડ એવિઓનિક્સ અને ડિજિટલ કંટ્રોલ સિસ્ટમ્સ છે, જેની મદદથી તે ઉચ્ચ સચોટતા સાથે 4000 KMની રેન્જ સુધી નિશાન સાધી શકે છે. આ ભારતમાં બનેલી એક મીડિયમ-રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (MRBM) છે.

કૌભાંડના આરોપથી રાજીવ ગાંધી 1989ની ચૂંટણી હાર્યા હતા

## 40 વર્ષ પછી બોફોર્સ કેસ બંધ, સુપ્રીમ કોર્ટે છેલ્લી અરજી ફગાવી દીધી

નવી દિલ્હી

લગભગ 40 વર્ષ જૂના બોફોર્સ કૌભાંડ પર સુપ્રીમ કોર્ટે ગુરુવારે છેલ્લી અરજી પણ ફગાવી દીધી. આ સાથે હવે આ મામલો સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયો છે. જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે કહ્યું કે હવે આ કેસમાં આગળ સુનાવણીની જરૂર નથી. કોર્ટે 2005ના દિલ્હી હાઈકોર્ટના તે નિર્ણયને પડકારતી અપીલ પણ સાંભળવાનો ઈનકાર કર્યો, જેમાં હિન્દુજા બ્રધર્સ અને બોફોર્સ કંપનીને નિર્દોષ છોડી દેવામાં આવ્યા હતા. આ મામલો 1986ની તે ડીલ સાથે જોડાયેલો છે, જેમાં ભારતે સ્વીડનની કંપની બોફોર્સ પાસેથી 1,437 કરોડ રૂપિયાની તોપ ખરીદી હતી. બાદમાં આરોપ લાગ્યા કે આ સોદામાં કમિશન આપવામાં આવ્યું હતું. કૌભાંડના આરોપને કારણે રાજીવ ગાંધી 1989ની ચૂંટણી હારી ગયા હતા. આ



મામલો 1986માં ભારત સરકાર અને સ્વીડનની કંપની એબી બોફોર્સ વચ્ચે થયેલા 1,437 કરોડ રૂપિયાના તોપ ખરીદ સોદા સાથે સંબંધિત છે. 1987માં ખુલાસો થયો કે આ સોદો મેળવવા માટે કથિત રીતે કમિશન (લાંચ) આપવામાં આવ્યું હતું. આ પછી આ મામલો દેશના સૌથી મોટા રાજકીય કૌભાંડોમાં સામેલ થઈ ગયો.

## SC-ST અનામતમાં ક્રીમી લેયર લાગુ નહીં થાય

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને સ્પષ્ટ કર્યું છે કે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના આરક્ષણમાં 'ક્રિમિ લેયર' નો સિદ્ધાંત લાગુ પડતો નથી. સરકારે તે જનહિત અરજીઓ (PIL) નો વિરોધ કર્યો છે, જેમાં SC-ST આરક્ષણમાં ક્રિમિ લેયર લાગુ કરવા અને સરકારી નોકરીઓમાં આરક્ષણ માટે વધુ ન્યાયી નીતિ બનાવવાની માગ કરવામાં આવી હતી. કેન્દ્રએ સોગંદનામામાં જણાવ્યું કે અરજીઓમાં બંધારણ હેઠળ મળેલા કોઈ મૂળભૂત અધિકારના ઉલ્લંઘનનો ઉલ્લેખ નથી. સાથે જ, ક્યાંય પણ એવું જણાવવામાં આવ્યું નથી કે ક્રિમિ લેયરનો નિયમ SC-ST પર લાગુ પડે છે.

# બનાવટી પનીર પર બુલડોઝર પણ મોટી કંપનીઓના 'ફેટ સ્પ્રેડ' પર મહેરબાની?

## રાજ્ય સરકારના નોટિફિકેશન સામે સવાલોનો વંટોળ

અમદાવાદ

ગુજરાત સરકારે બનાવટી પનીર, નકલી ચીઝ અને બનાવટી બટરના ગેરકાયદે ઉત્પાદન પર લગામ કસવા માટે એક નોટિફિકેશન તો બહાર પાડ્યું છે, પરંતુ આ નોટિફિકેશનમાં રહેલી નીતિગત વિસંગતતાઓએ એક નવો જ વિવાદ ઊભો કર્યો છે. નાના પાયે ચાલતા એનલોગ પનીરના એકમો સામે તો કડક કાર્યવાહીનો દાવો કરાયો છે, પરંતુ બીજી તરફ મોટી બ્રાન્ડેડ કંપનીઓ દ્વારા વેચવામાં આવતા 'વેજીટેબલ ફેટ' અને 'ફેટ સ્પ્રેડ' સામે રહસ્યમય મૌન સેવાઈ રહ્યું હોવાના આક્ષેપ સાથે વહીવટી તંત્રની નીતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

### નાના એકમોને તાળા, મોટા ઉદ્યોગોને છૂટો દોર?

રાજ્ય સરકારના ખાદ્ય સુરક્ષા વિભાગે દેશી કે છૂટક ધોરણે ચાલતી એનલોગ પનીર ફેક્ટરીઓ પર દરોડા પાડીને તાળાં મારવાની ઝુંબેશ શરૂ કરી છે, જે પ્રજાના સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આવકારદાયક પગલું છે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને સ્વાસ્થ્ય સાથેના ચેડાં માત્ર નાના ઉત્પાદકો જ કરે છે?

મોટી-મોટી મલ્ટિનેશનલ અને બ્રાન્ડેડ કંપનીઓ માખણ કે ચીઝના નામે 'ફેટ સ્પ્રેડ' અને વેજીટેબલ ફેટ આધારિત પ્રોડક્ટ્સ ખુલ્લેઆમ સુપરમાર્કેટ્સમાં વેચી રહી છે.

આ પ્રોડક્ટ્સ પર પ્રક્રિયા કરીને તેમાંથી શુદ્ધ દૂધની ચરબી કાઢી લેવામાં આવે છે અને પામ ઓઈલ કે હાઈડ્રોજનેટેડ વેજીટેબલ ઓઈલ ભેળવવામાં આવે છે. સવાલ એ છે કે નાના એકમો માટે જે નીતિ 'ગેરકાયદે' ગણાય છે, તે જ વસ્તુ મોટા પેકિંગમાં 'ફેટ સ્પ્રેડ'નું લેબલ લગાવીને વેચાય ત્યારે કાયદાકીય રીતે કેવી રીતે માન્ય થઈ જાય?

### જન આરોગ્ય સાથે રમત: નોટિફિકેશનનું દોગલાપન

ગ્રાહકો સાથે થતી છેતરપિંડી: સામાન્ય નાગરિક જ્યારે બજારમાંથી માખણ કે પનીર ખરીદે છે ત્યારે તેને લાગે છે કે તે દૂધમાંથી બનેલી પ્રોડક્ટ ખરીદી રહ્યો છે.

પરંતુ પ્રોસેસ્ડ ફેટ સ્પ્રેડના નામે તેના થાળીમાં વનસ્પતિ તેલનો કચરો પીરસવામાં આવે છે.

બેવડા ધોરણો: જો એનલોગ પનીર (જે વનસ્પતિ ચરબીથી બને છે) આરોગ્ય માટે હાનિકારક હોય તો વેજીટેબલ ફેટ સ્પ્રેડ પણ સ્વાસ્થ્ય માટે એટલું જ જોખમી છે. છતાં નોટિફિકેશનના દાયરામાંથી મોટી કંપનીઓને મુક્તિ મળતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સરકાર સામે નીતિ વિષયક પ્રશ્નો: શું કાયદો માત્ર નાના ઉદ્યોગકારો કે વિતક્ષકો પુરતો જ સીમિત છે? કે પછી મોટા કોર્પોરેટ ગૃહોના માર્કેટિંગ મોડેલ સામે વિભાગ આંખ આડા કાન કરી રહ્યું છે?

### પ્રજાનો આક્રોશ: આરપારની કાર્યવાહીની માગ

આરોગ્ય નિષ્ણાતોના મતે વનસ્પતિ તેલ અને પ્રોસેસ્ડ ફેટનું નિયમિત સેવન હૃદયરોગ, કોલેસ્ટ્રોલ અને ઓબેસિટી જેવી ગંભીર બીમારીઓને નોતરે છે.

પ્રજા ઈચ્છે છે કે સરકાર માત્ર નાના એકમોને સીલ કરીને કામગીરીનો સંતોષ ન માણે, પરંતુ મોટી કંપનીઓના આ પ્રકારના વેજીટેબલ ફેટ સ્પ્રેડ પર પણ કડક નિયંત્રણો લાદે અથવા તેના પર સ્પષ્ટ અને મોટા અક્ષરે 'આ શુદ્ધ દૂધની પ્રોડક્ટ નથી' તેવું વૈધાનિક ચેતવણીરૂપ લેબલ ફરજિયાત કરે.

સરકારે જો ખરેખર ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવી હોય તો ભેળસેળ અને બનાવટી ખાદ્યપદાર્થો સામેનો આ સંગ્રામ નાના-મોટા તમામ સ્તરે એકસમાન રીતે ચલાવવો પડશે, નહીં તો આ નોટિફિકેશન માત્ર કાગળ પરની કવાયત બનીને રહી જશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## હાઈકોર્ટના નવા પરિપત્ર વિરુદ્ધ વકીલોનું ઉગ્ર આંદોલન, બે દિવસ કામકાજથી અળગા રહેવાનો નિર્ણય

સુરત

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રજૂ કરવામાં આવેલા એક નવા પરિપત્રને લઈને સુરતના વકીલોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નવા નિયમોના વિરોધમાં સુરત બાર એસોસિએશન દ્વારા આજે અને આવતીકાલે એમ સતત બે દિવસ સુધી કામકાજથી અળગા રહીને હડતાલ પર ઉતરવાની જાહેરાત કરવામાં આવી છે. વિરોધના પગલે વકીલોએ કોર્ટના મુખ્ય ગેટ પણ બંધ કરી દીધા હતા, જેના કારણે અદાલતી કામકાજ ઠપ થઈ ગયું છે. હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં જ કોર્ટ કાર્યવાહી અને અરજીઓને લઈને કેટલાક નવા માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જેમાં: A4 સાઈઝ પેપર અને ફિક્સ ફોન્ટ: તમામ પ્રકારની અરજીઓ કે દસ્તાવેજો ફરજિયાતપણે ચોક્કસ A4 સાઈઝના પેપર અને નક્કી કરાયેલા ફિક્સ ફોન્ટમાં જ ટાઈપ કરેલા હોવા જોઈએ. હસ્તલિખિત અરજીઓ પર પ્રતિબંધ: હાથેથી લખાયેલી (Handwritten) કોઈપણ અરજીઓ કે દસ્તાવેજો હવેથી કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. સુરતના વકીલોનું કહેવું છે કે આ પ્રકારના આકરા અને ટેકનિકલ નિયમોને કારણે ખાસ કરીને નાના તાલુકાઓમાંથી આવતા વકીલો, ગરીબ અને સામાન્ય પક્ષકારોને ભારે આર્થિક અને વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

## ખેડા જિલ્લાના આરોગ્ય કર્મચારીઓનો 'ટેકો' એપ સામે હલ્લાબોલ : પ્રાઇવેટ મોબાઇલમાં લાઇવ ટ્રેકિંગ અને ફોટા અપલોડ કરવાના ગેરવ્યાજબી આદેશ સામે ભારે વિરોધ!

ખેડા

કર્મચારીઓના પોતાના ખર્ચે સરકારી કામ કરાવવાની નીતિ સામે બગાવત: આરોગ્ય કર્મચારી મહામંડળના મહામંત્રી મનદીપ બ્રહ્મભટ્ટની આગેવાનીમાં તંત્ર સામે ઉગ્ર રજૂઆત ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ પર તંત્ર દ્વારા લાદવામાં આવેલા એકપક્ષીય અને ગેરવ્યાજબી આદેશ સામે મોટો વિરોધનો વંટોળ ઊભો થયો છે. આરોગ્ય કર્મચારીઓને તેમના પોતાના અંગત (પ્રાઈવેટ) મોબાઈલ ફોનમાં 'ટેકો' (TECHO) એપ મારફતે ફરજિયાત લાઈવ ટ્રેકિંગ કરવા અને સ્થળ પરથી ફોટા અપલોડ કરવાનો આદેશ આપવામાં આવતાં કર્મચારીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

તંત્રના આ શોષણકારી નિર્ણય સામે આરોગ્ય કર્મચારીઓ આરપારની લડાઈના મૂડમાં આવી ગયા છે. આરોગ્ય કર્મચારીઓના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા કામગીરી માટે કોઈ સરકારી સાધનો કે ઈન્ટરનેટ ભથ્થું આપવામાં આવતું નથી. તેમ છતાં પોતાના વ્યક્તિગત મોબાઈલ અને પોતાના ખર્ચે ઈન્ટરનેટ વપરાશ કરીને સરકારી કામ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, પ્રાઈવેટ મોબાઈલમાં લાઈવ ટ્રેકિંગ અને ફોટા અપલોડ કરાવવાના આદેશથી કર્મચારીઓની વ્યક્તિગત સિક્યુરિટી અને પ્રાઈવસી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. આ અન્યાયી આદેશના વિરોધમાં ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહામંડળના મહામંત્રી મનદીપ બ્રહ્મભટ્ટના નેતૃત્વ હેઠળ એકત્રિત થયેલા કર્મચારીઓએ વહીવટી તંત્ર અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

મનદીપ બ્રહ્મભટ્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જો સરકાર અને તંત્ર કર્મચારીઓ પાસેથી ડિજિટલ કામગીરી કરાવવા માંગતું હોય તો પહેલાં તેમને સરકારી મોબાઈલ, ટેબલેટ અને ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડે.

## ડાકોર-લાડવેલ માર્ગ બન્યો 'ખાડા રાજ': વિકાસના પોકળ દાવા વચ્ચે પ્રજા પરેશાન!

ડાકોર

યાત્રાધામ ડાકોરને જોડતો મુખ્ય માર્ગ બિસ્માર બનતાં વાહનચાલકો અને પદયાત્રીઓનો જીવ તાળવે: માર્ગ અને મકાન વિભાગની ઘોર નિદ્રા સામે ભારે આક્રોશ ખેડા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરને જોડતો અતિ મહત્ત્વનો ડાકોર-લાડવેલ માર્ગ હાલમાં 'ખાડા રાજ'માં ફેરવાઈ જતાં સ્થાનિક રહીશો, વેપારીઓ અને દરરોજ પસાર થતા હજારો વાહનચાલકો ભારે હેરાન-પરેશાન થઈ રહ્યા છે. તંત્ર દ્વારા ચોમાસા પહેલાં રસ્તાઓના સમારકામ અને વિકાસના મોટા-મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા, પરંતુ લાડવેલ રોડની વર્તમાન પરિસ્થિતિએ આ તમામ પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે. ડાકોર-લાડવેલ માર્ગ પર ઠેર-ઠેર પડેલા મોટા અને ઊંડા ખાડાઓને કારણે વાહનોને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. દરરોજ નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બની રહી છે, જેમાં અનેક વાહનચાલકો પટકાતાં ઈજાગ્રસ્ત થયા છે. રાત્રિના સમયે લાઈટના અભાવે આ ખાડાઓ દેખાતા નથી, જેના કારણે અજાણ્યા વાહનચાલકો માટે આ રસ્તો મોતનો કૂવો સાબિત થઈ રહ્યો છે. ધાર્મિક સ્થળે આવતા શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓ પણ બિસ્માર રસ્તાને કારણે તંત્રને ફિટકાર વર્ષાવી રહ્યા છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા અનુસાર, માર્ગ અને મકાન વિભાગ (R&B) ને અનેકવાર રજૂઆતો કરવા છતાં માત્ર કાગળ પર જ સમારકામના ગાણાં ગવાઈ રહ્યા છે.

## પીઠડીયામાં સરકારી ખરાબામાં ખનીજ ચોરીનો ખેલ ઝડપાયો; 3 ડમ્પર-1 JCB સાથે 4 પકડાયા

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરકારી ખરાબામાંથી ગેરકાયદેસર ખનીજની ચોરીનો પર્દાફાશ થયો છે. રાજકોટ રેન્જ ટીમે પીઠડીયા ગામની સીમમાં દરોડો પાડી ત્રણ ડમ્પર અને એક JCB સહિત કુલ રૂ.1.05 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ચોક્કસ બાતમીના આધારે રાજકોટ રેન્જ ટીમે પીઠડીયા ગામની સીમમાં આવેલા સરકારી ખરાબામાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન સરકારી જમીનમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ કાઢવાની કામગીરી ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી GJ-02-Z-6219, GJ-13-X-4444 અને GJ-18-AT-8839 નંબરનાં ત્રણ ડમ્પર તેમજ GJ-03-HE-5668 નંબરનું JCB કબજે કર્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન રસિકભાઈ રત્નાભાઈ સાબરિયા, પ્રતાપભાઈ કેશુભાઈ નાયક, ટીનુભાઈ વેરશીભાઈ બજાણીયા અને અર્જુનભાઈ બાબુભાઈ ડામોરને ઝડપી પાડવામાં આવ્યા હતા. કબજે કરાયેલા વાહનોમાં JCBની કિંમત રૂ.15 લાખ અને ત્રણ ડમ્પરની કિંમત રૂ.30 લાખ આંકવામાં આવી છે.

### જેતપુર PGVCLમાં 80 લાખનું કૌભાંડ

# ભીનું સંકેલવાના પ્રયાસો નિષ્ફળ, આખરે 5 અધિકારીઓ સસ્પેન્ડ..!!






- સરકારી મટીરીયલ ખાનગી સોલાર કંપનીને બારોબાર પધરાવી દેવાના કેસમાં તંત્રની મોટી કાર્યવાહી
- અગાઉ માત્ર બદલી કરી કૌભાંડ દબાવવા કારસો ઘડાયો હતો, RTI એક્ટિવિસ્ટની રજૂઆત બાદ ભાંડો ફૂટ્યો

જેતપુર

જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના સ્ટોરમાંથી અંદાજે રૂપિયા ૮૦ લાખની કિંમતનો સરકારી માલ-સામાન બારોબાર ખાનગી સોલાર કંપનીને વેચી મારવાના ચકચારી કૌભાંડમાં આખરે ઉચ્ચ કક્ષાએથી આકરાં પગલાં લેવામાં આવ્યા છે. આ ગંભીર ગેરરીતિ પ્રકરણમાં અગાઉ રાજકોટ કચેરી દ્વારા માત્ર બદલી કરીને કૌભાંડીઓને છાવરવાનો પ્રયાસ થયો હતો, પરંતુ ભારે વિવાદ અને વડોદરાની ટીમના તપાસના ધમધમાટ બાદ આખરે ૫ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા વીજ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જેતપુર વીજ વિભાગના ઈતિહાસમાં ડિવિઝનના મુખ્ય અધિકારી સહિતના અધિકારીઓની સાગમટે બદલી અને ત્યારબાદ સસ્પેન્શનની કાર્યવાહી થઈ હોય તેવો આ પ્રથમ બનાવ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૨૭ ફેબ્રુઆરીના રોજ પીજીવીસીએલના સ્ટોરમાંથી ડિપાર્ટમેન્ટલ કામના બહાને મોટી માત્રામાં મટીરીયલ કાઢવામાં આવ્યું હતું. જેમાં ૧૨.૫ કિલોમીટર જેટલો આરફીન ઈન્ડિયા કંપનીનો ઓલ એલ્યુમિનિયમ કંડક્ટર કેબલ, શ્યામ શેલ કંપનીના લોખંડના ૯ મીટર ઊંચા ૩૦ નંગ એમ.એસ. ગડર પોલ (વીજ થાંભલા) અને દ્વારકાધીશ રબર કંપનીની ૧૧૪ કેવીની ૪૦૦ નંગ પીનનો સમાવેશ થાય છે. આ લાખો રૂપિયાનો માલ સરકારી કામમાં વાપરવાને બદલે સેટિંગ કરી ખાનગી સોલાર3 કંપનીઓને વેચી મારવામાં આવ્યો હતો. કૌભાંડ છુપાવવા ગેટ પાસ અને રજિસ્ટરમાં ગોબાચારી કરી, મટીરીયલ ખારચિયા ગામે પડ્યું હોવાનો ખોટો દાવો પણ ઊભો કરાયો હતો. આરટીઆઈમાં માહિતી અપાઈ હતી કે કાઢેલ વીજ થાંભલા ખારચિયા ગામના સ્ટોરમાં છે, પરંતુ તપાસમાં તે પોલ જૂના હોવાનું ખૂલ્યું હતું. વળી, ૧૨.૫ કિમી કેબલ અંગે મૌખિક જાણ કરાઈ હોવા છતાં રજિસ્ટરમાં તેની કોઈ નોંધ મળી ન હતી.

આ કૌભાંડ અંગે રાજકોટ વર્તુળ કચેરીના ચીફ એન્જિનિયરે શરૂઆતી તપાસ કરી હતી પરંતુ તેમાં કોઈ તથ્ય ન મળ્યાનો રિપોર્ટ આપી ભીનું સંકેલવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ આટલા મોટા કૌભાંડ છતાં કસૂરવાર કર્મચારીઓને સસ્પેન્ડ કરવાને બદલે માત્ર બદલીના ઓર્ડર પકડાવી દેવાયા હતા, જેના પગલે તમામ કર્મચારીઓ હાજર થવાને બદલે રજા પર ઉતરી ગયા હતા. જોકે, સ્થાનિક આરટીઆઈ એક્ટિવિસ્ટ યોગેન્દ્રસિંહ ગોહિલ દ્વારા સચોટ પુરાવાઓ સાથે લેખિત રજૂઆત કરી કડક તપાસની માંગ કરવામાં આવતા વડોદરા ખાતેથી ગુજરાત ઊર્જા નિગમ કચેરીના અધિકારીઓએ આવીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં ગેરરીતિ ખૂલતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

અગાઉ આ પ્રકરણમાં નાયબ કાર્યપાલક ઈજનેર ડી.કે. જેઠવા (લીંબડી), બે નાયબ ઈજનેર જે.આર. વલેરા અને એન.પી. ગોહેલ (સુરેન્દ્રનગર), જુનિયર ઈજનેર એ.પી. પાનસુરીયા (દેરડી કુંભાજી), સુપ્રીટેન્ડન્ટ એકાઉન્ટન્ટ કે.કે. વાગડીયા (ધોરાજી) અને સિનિયર ક્લાર્ક સ્ટોર કીપર રાજેશ આર. વનાર (વીંછીયા) ની બદલી કરવામાં આવી હતી.

પરંતુ ચોતરફથી ભીંસ વધતા અને ગેરરીતિના નક્કર પુરાવાઓ સામે આવતા આખરે પીજીવીસીએલની વડી કચેરી હરકતમાં આવી છે. આ સમગ્ર મામલે ધોરાજી ડિવિઝનના કાર્યપાલક ઈજનેર બી.ડી. રાડાએ સત્તાવાર બાઈટ આપતા જણાવ્યું હતું કે, વડી કચેરીના આદેશ અનુસાર પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## ઝાલોદ તાલુકાના બંબેલા સરકારી માધ્યમિક શાળાના મધ્યાહન ભોજનમાં જીવાતો હોવાનો આક્ષેપ, વાલીઓમાં રોષ

### બાળકો ભોજન કર્યા વગર ઊભા થઈ ગયા, તાલુકા પંચાયત પ્રમુખે સ્થળ ઉપર પહોંચી તપાસ કરી

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના બંબેલા ગામની સરકારી માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને આપવામાં આવેલા મધ્યાહન ભોજનમાં જીવાતો હોવાનો આક્ષેપ સામે આવતા વાલીઓમાં ભારે ઉહાપોહ મચ્યો હતો. ઘટનાની જાણ થતાં તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ કટારા જાતે શાળામાં પહોંચી સમગ્ર ઘટનાની સમીક્ષા કરી હતી અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સાથે વાતચીત કરી હકીકત જાણી હતી. મળતી માહિતી મુજબ શાળામાં મધ્યાહન ભોજન અંતર્ગત વિદ્યાર્થીઓને થૂલી અને શાક પીરસવામાં આવ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓએ ભોજનમાં જીવાતો જોવા મળ્યાનો આક્ષેપ કરતાં ભોજન કરવાનો ઈનકાર કર્યો હતો.



વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ તેમણે જમવાનું શાળાના પરિસરમાં વિવિધ જગ્યાએ ફેંકી દીધું હતું. ઘટનાની જાણ ગામમાં ફેલાતાં વાલીઓ પણ શાળાએ દોડી આવ્યા હતા.

તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, 'બાળકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. ઘટનાની જાણ થતાં હું તાત્કાલિક શાળામાં પહોંચ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરતાં કેટલાક બાળકોએ ભોજનમાં જીવાતો હોવાની રજૂઆત કરી હતી. સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓને તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવશે. મધ્યાહન ભોજનની ગુણવત્તા જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે.' શાળાના આસિસ્ટન્ટ શિક્ષક કમલાબેન માલીવાડએ આક્ષેપોને નકારતા જણાવ્યું હતું કે, 'ભોજનમાં કોઈ જીવાતો નહોતી. અમે જાતે પણ એ જ ભોજન લીધું હતું.

વિદ્યાર્થીઓને જે ભોજન આપવામાં આવ્યું હતું તે યોગ્ય અને ગુણવત્તાસભર હતું. છતાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે.'

વિદ્યાર્થીના વાલી જવસિંગભાઈ સેલોતએ જણાવ્યું હતું કે, 'બાળકો પાસેથી ભોજનમાં જીવાતો હોવાની માહિતી મળતાં હું તરત જ શાળાએ પહોંચ્યો હતો. બાળકોને પૂછતાં તેઓએ સ્પષ્ટ રીતે જણાવ્યું કે ભોજનમાં જીવાતો હતી અને તેથી તેમણે જમવાનું ન કર્યું. બાળકોના સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.'

મધ્યાહન ભોજન યોજના હેઠળ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અને સ્વચ્છ ભોજન મળે તે સરકારનો મુખ્ય હેતુ છે.

## હરિૐ સેવા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય: 491 વિદ્યાર્થીઓને ચેક અને નોટબુકનું વિતરણ



સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય ઘનશ્યામભાઈ રાવની યાદી મુજબ, ગરીબ દર્દીઓને તબીબી સારવારમાં મદદરૂપ થતું હરિૐ સેવા ટ્રસ્ટ શિક્ષણ ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહ્યું છે. ટ્રસ્ટના મેનેજમેન્ટ શ્રી અંશુમનભાઈ શાહ, તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રવિણાબેન શાહ, વડીલ પરિવારના અધ્યક્ષા શ્રીમતી ટીનુબેન ચાવલા તથા માનવ કલ્યાણ ટ્રસ્ટ ગોત્રીના સંયુક્ત સહયોગથી વર્ષ ૨૦૧૯થી વિદ્યાર્થીઓને શિક્ષણ સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવે છે. આ ટ્રસ્ટ પાસે પોતાની કોઈ ઓફિસ કે સંકુલ નથી. શ્રી અંશુમનભાઈ શાહ, શ્રીમતી પ્રવિણાબેન શાહ અને અજયભાઈ પોતાના ઘરે બેસીને જ તમામ તૈયારીઓ કરે છે. ધોરણ ૫ થી લઈને અનુસ્નાતક સુધીના વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલ અરજીઓ, કુટુંબની આવકનો દાખલો અને માર્કશીટ જેવી વિગતોની એક થી દોઢ મહિના સુધી સઘન ચકાસણી કરવામાં આવે છે, જેથી સાચા જરૂરિયાતમંદ સુધી સહાય પહોંચી શકે.

## મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના લોટ પાણી ને લાકડા! પ્રથમ વરસાદે જ થાભા-મંકોડીયા માર્ગ પર પડ્યા ગાબડાં


### નવીન ગોધર તાલુકામાં તાજેતરમાં બનેલો ડામર રોડ ચોમાસાની શરૂઆતમાં જ ધોવાયો

મહીસાગર, કાનજી ધામોત

સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં સારા રસ્તાઓની સુવિધા પૂરી પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' ચલાવવામાં આવે છે. પરંતુ મહીસાગર જિલ્લાના નવીન ગોધર તાલુકામાં સરકારી નાણાંનો કેવો દુરુપયોગ થાય છે તેનો તાજો નમૂનો સામે આવ્યો છે. સંતરામપુર પંચાયત વિભાગ હેઠળ મંકોડીયાથી થાભા ગામને જોડતો તાજેતરમાં જ બનેલો ડામર માર્ગ પ્રથમ સામાન્ય વરસાદમાં જ ધોવાઈ જતાં ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી ગઈ છે.

વિગતો અનુસાર, મંકોડીયા-થાભા માર્ગની કામગીરી ગત ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ જ પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. જોકે, કામ પૂર્ણ થયાના ગણતરીના દિવસોમાં જ પડેલા પ્રથમ સામાન્ય વરસાદે આ રોડની ગુણવત્તાના ધજાગરા ઉડાડી દીધા છે. માર્ગ પર અનેક સ્થળોએ અને ખાસ કરીને નાળા પર મોટા-મોટા ગાબડાં પડી ગયા છે,





જેના કારણે આખો ડામર રોડ ધોવાઈ ગયો છે. હાલ રસ્તા પર ખાડાઓની હારમાળા સર્જાતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર અત્યંત જોખમી બની ગઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે બાંધકામ દરમિયાન તકનીકી ધોરણોનું પાલન કરવામાં આવ્યું નથી અને લોટ-પાણીને લાકડા જેવી હલકી ગુણવત્તાની સામગ્રી વાપરવામાં આવી છે. સ્થાનિક ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, જેતે જવાબદાર એન્જિનિયરિંગ અધિકારીઓ દ્વારા કામનું કોઈ યોગ્ય નિરીક્ષણ કરવામાં આવ્યું નથી. માત્ર ડામર રસ્તો જ નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં બનતા આર.સી.સી. રસ્તાઓમાં પણ ગુણવત્તાહીન માટીવાળી રેતીનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. વરસાદની શરૂઆતમાં જ રસ્તાની આવી હાલત થતાં હવે ચોમાસું જામશે ત્યારે આ રસ્તો ચાલવા યોગ્ય રહેશે કે કેમ તે મોટો પ્રશ્ન છે.

### શિનોર હનીટ્રેપ કેસમાં મોટી કાર્યવાહી

## હનીટ્રેપની ઠગાઈના નાણાંથી ખરીદેલી મિલકત જપ્ત કરવાનો શિનોર કોર્ટનો હુકમ

વડોદરા, હસમુખ પટેલ

ગુજરાત રાજ્યમાં હની ટ્રેપ જેવા ગંભીર ગુનાઓને નેસ્તનાબૂદ કરવા, આવા ગુનાઓમાં ભોગ બનતા નાગરિકોને સુરક્ષા પૂરી પાડવા તેમજ ગુનાખોરી દ્વારા મેળવવામાં આવેલી ગેરકાયદેસર આવકમાંથી ખરીદવામાં આવેલી સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરવા રાજ્ય સરકાર દ્વારા આપવામાં સુચના અંતર્ગત વડી કચેરીના માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર. આર.વસાવા તથા ટીમ દ્વારા મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હનીટ્રેપ નો ગુનો મે-2025થી તા.29/10/2025 દરમિયાન શિનોર, માલસર-માંડવા રોડ, ભરૂચ જિલ્લાના ઉમલ્લા વિસ્તારે આચરવામાં આવ્યો હતો, એ અરજીની તપાસ પી.આઈ બી. એન.ગોહિલ કરી રહ્યા હતા અને તા. 06/02/2026ના રોજ FIR પછી તપાસ ઈન્ચાર્જ પી.આઈ ડી.આર. ભાદરકા કરતા હતા.

તપાસ દરમિયાન ફરિયાદી હરેશભાઈ રણછોડભાઈ પટેલ, રહે. શિનોરને પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે અલગ-અલગ પ્રકારની ધમકીઓ અને ભય બતાવી વિવિધ સમય અને સ્થળોએ ટુકડે-ટુકડે મળી કુલ રૂ. 75,75,550/- પડાવી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. તારીખ 5 એપ્રિલ 2026 થી પી.આઈ.આર. આર. વસાવાએ ચાર્જ લીધો હતો.અને આરોપીઓ પાસેથી રૂપિયા 28,84,500 નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી આશિકહુસેન ઉર્ફે તલાટી સિકંદરખાન પઠાણ, મૂળ રહે. ટીમ્બા ફળિયું, શિનોર તથા હાલ રહે. પાલેજ, ભરૂચના ભાગે ગુનામાંથી મળેલા અંદાજે રૂ. 25 લાખમાંથી પોતાના તથા પરિવારજનોના નામે મિલકતો ખરીદવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. ભરૂચ જિલ્લાના પાલેજ ગામ સ્થિત સાલે-2 સોસાયટીમાં આવેલ પ્લોટ નં.361 ઉપર આશરે રૂ.12.70 લાખ કિંમતનું રહેણાંક મકાન ગેરકાયદેસર આવકમાંથી ખરીદવામાં આવ્યું હોવાનું જણાયું હતું. આ આધારે BNSS-2023ની કલમ-107 હેઠળ શિનોર કોર્ટમાં મિલકત જપ્ત કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આરોપીને મિલકત કાયદેસરની આવકમાંથી ખરીદવામાં આવી હોવાનું સાબિત કરવાની તક આપવામાં આવી હતી.

# 15 વર્ષથી જોખમના પુલ પર ટકેલું જીવન: ગળતેશ્વરના મીઠાના મુવાડામાં તંત્રની લાપરવાહી સામે ગ્રામજનોનો આક્રોશ

## ■ નેતાઓ ચૂંટણી આવે ત્યારે જ મોઢું બતાવે છે, વહેલી તકે પક્કો પુલ નહીં બને તો મોટા આંદોલનની એંધાણ





ખેડા

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં આવેલા મીઠાના મુવાડા ગામમાંથી વિકાસના દાવાઓની પોકળતા છતી કરતી એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. અહીંના ગ્રામજનો છેલ્લા ૧૫-૧૫ વર્ષથી એક પક્કા પુલની સુવિધા માટે તંત્ર સામે કરગરી રહ્યા છે, પરંતુ વહીવટી તંત્રના બહેરા કાને લોકોની આજીજી સંભળાતી નથી. દર ચોમાસે અહીં પરિસ્થિતિ એટલી વિકટ બની જાય છે કે ગ્રામજનો પોતાના જીવના જોખમે હાથબનાવટના કાચા લાકડાના પુલ પરથી પસાર થવા માટે મજબૂર બને છે.

ચોમાસું આવતાં જ સંપર્ક વિહોણા થવાનો ભય, લાકડાનો પુલ બન્યો એકમાત્ર સહારો

મીઠાના મુવાડા ગામેથી પસાર થતી કોતર કે નદી પર પાકો પુલ ન હોવાને કારણે ચોમાસાની ઋતુ શરૂ થતાં જ ગામનો સંપર્ક તૂટી જવાનો ભય સતત મંડરાતો રહે છે. સ્થાનિક રહીશોએ પોતાની રીતે લાકડાં અને વાંસ ગોઠવીને એક કામચલાઉ પુલ ઊભો કર્યો છે. ચોમાસાના દિવસોમાં જ્યારે કોતરમાં પાણીનો પ્રવાહ વધે છે ત્યારે આ લપસણા અને નબળા લાકડાના પુલ પરથી નાનાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને પસાર થવું એટલે સીધું મોતને ઓતરા આપવા સમાન છે. માસુમ બાળકોને શાળાએ મોકલતી વખતે માતા-પિતાના જીવ તાળવે ચોંટી જાય છે.

૧૫ વર્ષનો લાંબો વાટડો: નેતાઓની વચનબાજી અને તંત્રનું પેટનું પાણી ન હાલવું

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૫ વર્ષથી તેઓ આ ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. અનેકવાર સ્થાનિક સરપંચથી લઈને તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓને તેમજ નેતાઓને રજૂઆતો કરવામાં આવી છે. ચૂંટણી આવે ત્યારે નેતાઓ મોટા-મોટા વચનો આપીને વોટ અંકિત કરી જાય છે, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ આ જોખમી પુલ અને મીઠાના મુવાડાના લોકો વિસરાઈ જાય છે. આઝાદીના દાયકાઓ પછી પણ એક સલામત પુલ ન મળવો એ તંત્રની અસંવેદનશીલતા અને નિષ્ક્રિયતાનો સળગતો પુરાવો છે.

કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ? ગ્રામજનોની આખરી ચેતવણી

જો ચોમાસા દરમિયાન લાકડાના પુલ પરથી પસાર થતી વખતે કોઈ બાળક કે ગ્રામજન નીચે પટકાશે અને કોઈ જાનહાનિ થશે, તો તેની પૂરેપૂરી જવાબદારી તંત્રની રહેશે તેવો રોષ લોકો વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિક રહીશોએ હવે સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી છે કે જો વહેલી તકે મીઠાના મુવાડા માટે પાકા પુલની મંજૂરી આપી નિર્માણ કાર્ય શરૂ કરવામાં નહીં આવે, તો તેઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે અને ચૂંટણીઓનો બહિષ્કાર કરવા પણ પાછળ નહીં હટે.

મુખ્યમંત્રી અને ડેન્માર્કના રાજદૂતની વિશેષ ઉપસ્થિતિમાં

# ગિફ્ટ સિટીમાં 'વિકસિત ગુજરાત સમિટ 2026'નો ભવ્ય પ્રારંભ થયો

અમદાવાદ

ગુજરાતને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક, નવીન અને આધુનિક ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રેસર બનાવવાના ભગીરથ હેતુસર ગાંધીનગરના ગિફ્ટ સિટી (GIFT City) ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'Building India's Future-Ready Economy' થીમ પર *'વિકસિત ગુજરાત સમિટ ૨૦૨૬'*નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉચ્ચસ્તરીય સમિટમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ડેન્માર્કના રાજદૂત શ્રી ક્રિસ્ટનસેન તેમજ દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.




સમિટને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી વિઝનને કારણે આજે ગુજરાત 'ગ્લોબલ ગેટવે ટૂ ધ ફ્યુચર' તરીકે ઉભરી આવ્યું છે. રાજ્યમાં આકાર લઈ રહેલા ત્રણ-ત્રણ વિશાળ સેમિકન્ડક્ટર પ્લાન્ટ, નવી ડેટા સેન્ટર પોલિસી અને ગિફ્ટ સિટી ખાતે સ્થાપિત થઈ રહેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેન્ટરના કારણે ગુજરાતમાં ટેક્નોલોજી અને આઈટી સેક્ટરમાં નવી ક્રાંતિનો સંચાર થયો છે.

કાર્યક્રમ દરમિયાન સાયન્સ-ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી સમગ્ર દેશ અને ગુજરાત વિકાસની એક નવી ઊંચાઈ સર કરી રહ્યા છે. આ સમિટ દરમિયાન વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાતને વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવાના રોડમેપ પર ચર્ચા કરવામાં આવી હતી.

સમિટમાં મુખ્યત્વે સેમિકન્ડક્ટર, અદ્યતન ઉદ્યોગો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર સિક્યોરિટી, ગ્રીન એનર્જી, સ્માર્ટ સિટીઝ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અતિ મહત્ત્વના વિષયો પર તજજ્ઞો દ્વારા પેનલ ડિસ્કશન કરવામાં આવ્યું હતું. આ આયોજનથી ગુજરાત આગામી દિવસોમાં ગ્લોબલ ટેક્નોલોજી હબ તરીકે વધુ મજબૂતીથી ઉભરી આવશે.

નિશાના પર સાંસદ!

# મનસુખ વસાવા પોતાના જ ગામનો રસ્તો નથી બનાવી શક્યા : નિરંજન વસાવાનો તીખો પ્રહાર

નર્મદા/ભરૂચ

દક્ષિણ ગુજરાતના રાજકારણમાં પોતાના નિવેદનોથી અવારનવાર વિવાદમાં રહેતા ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવા આ વખતે વિપક્ષના સીધા પ્રહાર હેઠળ આવ્યા છે. આમ આદમી પાર્ટી (AAP) ના નેતા નિરંજન વસાવાએ મનસુખ વસાવા સામે ગંભીર આરોપો લગાવતા રાજકીય ગરમાવો લાવી દીધો છે. નિરંજન વસાવાએ સાંસદના પોતાના જ ગામના રસ્તાઓની દુર્દશા ઉજાગર કરીને ભાજપના 'વિકાસ'ના દાવાઓની ધજાગરા ઉડાવી દીધા છે. આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ સ્થાનિક પ્રજાની સમસ્યાઓને મુદ્દા બનાવીને સાંસદ મનસુખ વસાવા પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે જણાવ્યું હતું કે: પોતાનું ગામ જ વંચિત: દાયકાઓથી સાંસદ તરીકે ચૂંટાતા મનસુખ વસાવા પોતાના જ હોમટાઉન/ગામના રસ્તાઓ સુધારી શક્યા નથી, તો પછી સમગ્ર ભરૂચ અને નર્મદા જિલ્લાના વિકાસની વાતો કેવી રીતે કરી શકે? ખરાબ રસ્તા અને પ્રજા હેરાન: ગામમાં રસ્તાઓની બિસ્માર હાલતને કારણે સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને દર્દીઓને અવરજવર કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ચોમાસા દરમિયાન પરિસ્થિતિ વધુ વિપરીત બની જાય છે. ભાજપ સરકાર દ્વારા 'સ્માર્ટ વિલેજ' અને 'સુદ્રઢ માળખાકીય સુવિધાઓ'ના જે દાવા કરવામાં આવે છે, તેની વાસ્તવિકતા સાંસદના પોતાના જ ગામના ખરાબ રસ્તાઓ પરથી છતી થાય છે. મનસુખ વસાવા અવારનવાર પોતાની જ સરકારની વહીવટી કામગીરી અને અધિકારીઓ સામે જાહેરમાં નારાજગી વ્યક્ત કરવા માટે જાણીતા છે.

પરંતુ આ વખતે AAP નેતા નિરંજન વસાવાએ તેમને જ ઘેરીને સવાલ કર્યો છે કે, બીજ પર આંગળી ચિંધતા પહેલા સાંસદે પોતાના વિસ્તાર અને પોતાના ગામના પ્રાથમિક પ્રશ્નો ઉકેલવા જોઈએ.

ડભોઇના સાઠોદમાં જનઆક્રોશ ચરમસીમાએ

# MGVCL સામે ગ્રાહકોનો હલ્લાબોલ, મીટર તોડી પાડવાની ઉચ્ચારી ચીમકી



ડભોઇ

ગુજરાતભરમાં સ્માર્ટ મીટર સામે શરૂ થયેલી વિરોધની જ્વાળા હવે આક્રમક અને ઘાતક સ્વરૂપ ધારણ કરી રહી છે. સમગ્ર રાજ્યમાં શરૂઆતી તબક્કે થયેલો વિરોધ શમવાનું નામ નથી લેતો, ત્યાં હવે ડભોઈ તાલુકાના સાઠોદ ગામે સ્માર્ટ મીટરના બિલિંગ મુદ્દે મોટો વિસ્ફોટ થયો છે. એક તરફ સ્માર્ટ મીટરના નંબર બદલાઈ જવાને કારણે વીજ ગ્રાહકો ભારે મૂંઝવણ અને મુશ્કેલીમાં મુકાયા છે, તો બીજી તરફ આંખો પહોળી કરી દે તેવાં કમરતોડ બિલો આવતાં સાઠોદ ગામ પંચાયત કચેરી ખાતે ગ્રામજનોનું વિશાળ ટોળું એકત્રિત થયું હતું અને MGVCL (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ) સામે ઉગ્ર વિરોધ નોંધાવીને સ્માર્ટ મીટરો તોડી પાડવાની સીધી ચીમકી ઉચ્ચારી દીધી છે. સાઠોદ ગામના વીજ ગ્રાહકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચવા પાછળ બિલિંગનું ગણિત જવાબદાર છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, અગાઉ દર બે મહિને નિયમિત વીજ બિલ આવતું હતું, જે બજેટમાં રહેતું હતું. સ્માર્ટ મીટર લાગ્યા બાદ હવે દર મહિને બિલ આપવામાં આવી રહ્યા છે. હેરાન કરનારી બાબત એ છે કે માત્ર એક જ મહિનાનું બિલ અગાઉના આખા બે મહિનાના બિલ કરતાં પણ ૩ થી ૪ ગણું વધારે આવી રહ્યું છે! આ રીતે ગ્રાહકોના ખિસ્સા પર સીધો લૂંટનો ઘા વાગતાં લોકોનો પિત્તો ગયો હતો અને આખા ગામે ભેગા થઈ પંચાયત કચેરી માથે લીધી હતી.

સેક્ટર-24માં વર્ષો જૂનું ધાર્મિક દબાણ જમીનદોસ્ત

# વિરોધ કે ઘર્ષણની શક્યતા ટાળવા સૂર્યોદય પહેલા બુલડોઝર ફેરવી દીધું

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરમાં સરકારી અને જાહેર જમીન પરથી ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની દિશામાં તંત્રે વધુ એક મોટી અને આક્રમક કાર્યવાહી હાથ ધરી છે. સેક્ટર-24 વિસ્તારમાં આવેલ વર્ષો જૂના ધાર્મિક દબાણ પર આજે વહેલી પરોઢે જ તંત્રના બુલડોઝરો ફરી વળ્યા હતા. માર્ગ અને મકાન વિભાગ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ ઓપરેશનમાં ગણતરીની મિનિટોમાં જ ગેરકાયદેસર ધાર્મિક દબાણને તોડી પાડીને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું. વહેલી સવારે મોટા કાફલા સાથે થયેલી આ અચાનક કાર્યવાહીને પગલે સમગ્ર સેક્ટર-24 સહિત આસપાસના વિસ્તારોમાં ભારે ચર્ચાનો માહોલ સર્જાયો છે.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર જે સ્થળ પર તંત્ર દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું તે સ્થળ છેલ્લા ઘણા વર્ષોથી આસપાસના સ્થાનિક લોકો માટે આસ્થાનું કેન્દ્ર બનેલું હતું. લોકો ત્યાં નિયમિત પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યો માટે આવતા હતા. જોકે, આ બાંધકામ સરકારી જમીન પર થયેલું બિનઅધિકૃત દબાણ હોવાને કારણે માર્ગ-મકાન વિભાગ અને મનપા તંત્ર દ્વારા તેને દૂર કરવા માટેની કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. લોકોની ધાર્મિક લાગણીઓ જોડાયેલી હોવાને લીધે દિવસના સમયે કે અગાઉથી જાણ કરીને જો કાર્યવાહી કરવામાં આવે તો સ્થાનિકોનો વિરોધ, નારેબાજી કે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વણસવાની ભીતિ રહેલી હતી. આથી જ તંત્રે વહેલી સવારે અંધારામાં ત્રાટકીને શાંતિપૂર્ણ રીતે આ દબાણ હટાવી લેવાની ચોક્કસ રણનીતિ અપનાવી હતી. આ ઓપરેશન દરમિયાન સ્થળ પર કોઈ અપ્રિય બનાવ ન બને અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે કડક પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. વહેલી સવારે જ્યારે નાગરિકો ગાઢ નિદ્રામાં હતા ત્યારે જેસીબી સહિતની મશીનરી સાથે પહોંચેલા તંત્રે ઘડીના છઠ્ઠા ભાગમાં આખું માળખું ધરાશાયી કરી દીધું હતું.

# વડોદરાના વાઘોડિયા રોડ પર ઘરના વોશિંગ મશીન પાછળથી સાડા ત્રણ ફૂટની 'પાટલા ઘો' મળી આવતાં ફફડાટ

વડોદરા

વડોદરા શહેરના વાઘોડિયા રોડ નજીક આવેલી શ્રીનાથજી સોસાયટીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીમાં આવેલા એક રહેણાંક મકાનમાં અચાનક સાડા ત્રણ ફૂટથી વધુ લંબાઈ ધરાવતી વિશાળ 'પાટલા ઘો' (મોનિટર લિઝાર્ડ) જોવા મળતાં ઘરના સભ્યોમાં ભારે અફડાતફડી અને ભયનો માહોલ સર્જાયો હતો.



મળતી માહિતી મુજબ, ઘરકામ દરમિયાન વોશિંગ મશીનની પાછળ સંતાયેલા આ મોટા સરિસૃપ પર પરિવારજનોની નજર પડી હતી. સાડા ત્રણ ફૂટથી પણ વધુ લાંબી પાટલા ઘોને જોઈને પરિવાર ગભરાઈ ગયો હતો અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તાત્કાલિક સ્થાનિક વન્યજીવ રેસ્ક્યુ ટીમનો સંપર્ક સાધ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યુર નિતિન સોલંકી અને પ્રિતેશ સોલંકી સમય સૂચકતા વાપરીને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે ઘરમાં ભયભીત થયેલા પરિવારજનોને સાંત્વના આપીને સંપૂર્ણ સાવચેતી સાથે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ખૂબ જ કાળજીપૂર્વક વોશિંગ મશીન પાછળ સંતાયેલી પાટલા ઘોને પકડી પાડી સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

માળખાકીય સુવિધાઓ માટે કરોડોની ફાળવણી છતાં રસ્તાઓ ખખડધજ

# વગર વરસાદે સેક્ટર-11માં મસમોટો ભૂવો પડ્યો: મનપાના 'સ્માર્ટ' દાવા વચ્ચે નવો બનેલો રોડ ધસ્યો

ગાંધીનગર

ગાંધીનગરમાં મહાનગર પાલિકા દ્વારા રસ્તાઓના નામે કરોડો રૂપિયાનો ધૂમાડો કરવામાં આવી રહ્યો હોવા છતાં શહેરના માર્ગોની હાલત દિનપ્રતિદિન વધુ બિસ્માર બની રહી છે. ચોમાસાના માત્ર બે જ રાઉન્ડમાં શહેરના માર્ગો ધોવાઈ ગયા હતા, ત્યાં હવે વગર વરસાદે પણ રોડ બેસી જવાની અને ભૂવા પડવાની ગંભીર સમસ્યાઓ સામે આવી રહી છે. આજે સેક્ટર-11માં આવેલી હોટેલ હવેલી સામે થોડા વખત અગાઉ જ નવો બનાવાયેલો રોડ અચાનક ધસી પડતાં મસમોટો ભૂવો પડી ગયો હતો. કોઈ પણ જાતના વરસાદ વગર જ ધોળા દિવસે મુખ્ય માર્ગ પર રોડ બેસી જવાની આ ઘટનાએ મનપાના કરાર આધારિત વયોવૃદ્ધ સ્માર્ટ ઈજનેરી



તંત્ર અને ખાનગી કોન્ટ્રાક્ટરોની હલકી ગુણવત્તાના કામકાજની પોલ છતી કરી દીધી છે.

ગાંધનગર શહેરને સ્માર્ટ સિટી બનાવવાની હોડમાં ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના આશરે 1903 કરોડના ડ્રાફ્ટ બજેટમાંથી મનપાએ રોડ-રસ્તા અને ફ્લાયઓવર સહિતની માળખાકીય સવલતો માટે રૂ.1196 કરોડ જેટલી અધધ રકમ ફાળવી છે. આ ઉપરાંત અગાઉ સેક્ટરોના રિસર્ફેસિંગ માટે 30 કરોડથી વધુ તથા ગ્રામ્ય અને જોડાણ માર્ગો માટે 37.62 કરોડ અને 30.57 કરોડ જેવી માતબર ગ્રાન્ટો વાપરી નાખવામાં આવી છે.

આટલો મોટો ખર્ચ કર્યા છતાં શહેરના 45 હજાર ચોરસ મીટર વિસ્તારના મુખ્ય અને આંતરિક માર્ગો ખખડધજ થઈ ગયા છે જે મનપાના ભ્રષ્ટ વહીવટની ચાડી ખાઈ રહ્યા છે. આટલી નબળી ગુણવત્તાનું કામ કરનાર ખાનગી એજન્સીઓ સામે કડક દંડાત્મક પગલાં ભરવા કે તેમને બ્લેકલિસ્ટ કરવાના બદલે સ્ટેન્ડિંગ કમિટીએ શંકાસ્પદ મૌન સેવી લીધું છે. નિષ્ફળ નિવડેલી એજન્સીઓ પાસે હિસાબ માગવાને બદલે મનપાની સ્ટેન્ડિંગ કમિટીએ 'જેટ પેચર' અને 'માઈક્રો સરફેસિંગ'ના નામે વધુ 4.95 કરોડ રૂપિયા ફાળવવાની લીલીઝંડી આપી દીધી છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીનો જ ધડાકો

# ગુજરાતમાં રસ્તામાં જ બદલાઈ જતા હતા ખાદ્ય સામગ્રીના સેમ્પલો! : આનંદીબેન પટેલ

ગાંધીનગર

ગુજરાતમાં ભાજપના શાસન અને તેના તથાગત 'ગુજરાત મોડેલ'ની પોલ ખુદ ભાજપના જ વરિષ્ઠ નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ખોલી નાખતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ઉત્તર પ્રદેશમાં એક કાર્યક્રમ દરમિયાન જાહેરમાં મંચ પરથી નિવેદન આપતાં આનંદીબેન પટેલે સનસનાટીભર્યો ખુલાસો કર્યો હતો કે, ગુજરાતમાં ખાદ્ય સામગ્રીના લેવાયેલા સેમ્પલો લેબોરેટરીમાં



તપાસ માટે પહોંચે તે પહેલાં રસ્તામાં જ બદલાઈ જતા હતા! પૂર્વ મુખ્યમંત્રીના આ એક નિવેદને ભાજપ સરકારના ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓના ધજાગરા ઉડાડી દીધા છે. ગુજરાતની જાગૃત જનતાએ સતત ૩૦ વર્ષ સુધી ભાજપ પર અવિચળ વિશ્વાસ મૂકીને સત્તાની ચાવીઓ સોંપી અને દિલ્હીની ગાદી સુધી પહોંચાડ્યા. પરંતુ એ જ જનતાને બદલામાં શું મળ્યું? લોકોના ઘર સુધી પહોંચતી ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ, નકલી ચીજવસ્તુઓ અને ભ્રષ્ટાચાર! જ્યારે રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પોતે સ્વીકારતા હોય કે ખાદ્ય સુરક્ષાના સેમ્પલો રસ્તામાં જ બદલાઈ જતાં હતા, ત્યારે પ્રશ્ન એ થાય છે કે શાસકોના આશીર્વાદ વગર આ વચેટિયા રાજ અને ભ્રષ્ટાચાર શક્ય બને ખરો? કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતના કરોડો નાગરિકોના આરોગ્ય અને જીવ સાથે રમત રમનાર સિસ્ટમ જ ભાજપનું અસલી મોડેલ છે.

# હાઇકોર્ટમાં ચૈતર વસાવાની જામીન અરજી પર ફરી તારીખ: આદિવાસી સમાજનો અવાજ દબાવવાનો પ્રયાસ કે રાજકીય ગણતરી?

■ જામીનમાં વિલંબ પાછળ બીજેપીમાં જોડાવાનું દબાણ હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ: ભાજપની નજર આમ આદમી પાર્ટીના વધતા વર્ચસ્વ પર, આદિવાસી વિસ્તારમાં રાજકારણ ગરમાયું

ગાંધીનગર

ગુજરાતના આદિવાસી પટ્ટાના લોકપ્રિય અને આક્રમક નેતા, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી અંગે ગુજરાત હાઈકોર્ટમાં ફરી એકવાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પરંતુ અદાલતમાંથી આ વખતે પણ કોઈ આખરી નિર્ણય આવવાને બદલે વધુ એક નવી તારીખ પડતાં ચૈતર વસાવાના સમર્થકો, વાલીઓ અને સમગ્ર આદિવાસી સમાજમાં ભારે નારાજગી અને સંતોષનો માહોલ છવાઈ ગયો છે. અદાલતી પ્રક્રિયા અને સરકારની વલણ સામે સવાલો ઉભા થઈ રહ્યા છે કે આખરે એક જનપ્રતિનિધિને રાહત આપવામાં આટલો વિલંબ કેમ થઈ રહ્યો છે?

ચૈતર વસાવા માત્ર એક રાજકીય નેતા નથી, પરંતુ આદિવાસી સમાજના હક્કો, જળ-જંગલ-જમીનની લડાઈ અને ગરીબ ખેડૂતોના અધિકારો માટે બેધડક અવાજ ઉઠાવનાર સશક્ત ચહેરો છે. આજે જ્યારે જમીન સંપાદન, વિસ્થાપન, શિક્ષણ અને આરોગ્ય જેવા આદિવાસી સમાજના સળગતા પ્રશ્નો સામે આવી રહ્યા છે, ત્યારે સમાજનો મુખ્ય અવાજ બનેલા નેતાને જ કાયદાકીય ગૂંચવણોમાં અટકાવી રાખવાના આ પ્રયાસોથી સમગ્ર આદિવાસી સમાજે હવે જાગૃત થવું પડશે. પોતાના હક્કો અને અસ્તિત્વ માટે લડનારા નેતા સાથે આ રીતે થતી કાર્યવાહી સામે સમાજમાં એકતા અને જાગૃતિ કેળવવી અત્યંત જરૂરી બની ગઈ છે. રાજકીય વિશ્લેષકો અને વિપક્ષી વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે ચૈતર વસાવા પર ભારતીય જનતા પાર્ટી (BJP) માં જોડાવા માટે સતત આડકતરું દબાણ લાવવામાં આવી રહ્યું છે.

## તંત્રી લેખ...

# બોફોર્સ અને કોલસા કૌભાંડમાં કાનૂની રાહત: 2029ની લોકસભા ચૂંટણી પહેલાં દેશના રાજકારણમાં મોટા ફેરફારોના સંકેત

ભારતના રાજકીય ઈતિહાસમાં જે મુદ્દાઓએ દાયકાઓ સુધી ચૂંટણીઓના પરિણામો નક્કી કર્યા છે અને દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને સત્તામાંથી બહાર કરી હતી, તે મુદ્દાઓ પર અદાલતી સ્તરે મળેલા નિર્ણયોએ દેશના રાજકારણમાં એક નવો વળાંક આપ્યો છે. બોફોર્સ તોપ સોદા મામલે પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી અને કોલસા કૌભાંડ મામલે પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહને અદાલતો દ્વારા મળેલી રાહત અને આક્ષેપો ફગાવી દેવાના નિર્ણયો બાદ હવે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ માટે એક નવું રાજકીય સમીકરણ ઘડાઈ રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.


ઐતિહાસિક કૌભાંડો અને કાનૂની સફાઈ

બોફોર્સ પ્રકરણ અને 'મિસ્ટર ક્લીન'ની છબી:

૧૯૮૦ના દાયકામાં બોફોર્સ તોપ સોદામાં કમિશન લેવાના આક્ષેપોને કારણે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીની 'મિસ્ટર ક્લીન' તરીકેની છબી પર ભારે પ્રહારો થયા હતા. આ એક એવો મુદ્દો હતો જેના પર વિપક્ષે સમગ્ર દેશમાં આંદોલન ઊભું કર્યું હતું અને કોંગ્રેસે ૧૯૮૯માં સત્તા ગુમાવવી પડી હતી. જોકે, લાંબી કાનૂની લડાઈ બાદ અદાલતી પ્રક્રિયા દ્વારા આ તમામ આક્ષેપોમાં કોઈ નક્કર પુરાવા ન મળતા રાજીવ ગાંધીને આ મામલે નિર્દોષ ગણવામાં આવ્યા છે.

કોલસા કૌભાંડ (Coalgate) અને મનમોહન સિંહ:

યુપીએ-૨ ના શાસનકાળ દરમિયાન કોલસા બ્લોક ફાળવણીમાં



હજારો કરોડના ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હતા, જેણે ડો. મનમોહન સિંહની સરકારની છબીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ મુદ્દો ૨૦૧૪માં ભાજપના સત્તામાં આવવાનું એક મુખ્ય કારણ બન્યો હતો. જોકે, કાનૂની પ્રક્રિયાના અંતે ડો. મનમોહન સિંહને પણ અદાલતમાંથી રાહત મળી અને તેમની સામેના આક્ષેપો કાયદાની કસોટી પર ટકી શક્યા નહીં.

ભાજપ શાસનકાળમાં મળેલી રાહત અને વિપક્ષી વ્યુહરચના

વિપક્ષી ખેમા અને રાજકીય વિશ્લેષકોના મતે, આ કાનૂની વિજય એવા સમયે આવ્યા છે જ્યારે દેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. જેથી વિપક્ષ આ મુદે એવો દાવો કરી રહ્યો છે કે સત્તાધારી પક્ષ કે સરકારી એજન્સીઓના પ્રભાવ વગર અદાલતોએ સ્વતંત્ર રીતે આ નિર્ણયો આપ્યા છે.

કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો હવે આ નિર્ણયોને જનતા સામે મુકીને એવો નેરેટિવ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભૂતકાળમાં તેમની સામે કરાયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો માત્ર રાજકીય રીતે પ્રેરિત હતા.

૨૦૨૯નું રાજકીય ગણિત અને સત્તાનો જંગ

રાજકીય વિશ્લેષકોના મતે આ ઘટનાક્રમ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે:

1. છબી સુધારવાનો પ્રયાસ: કોંગ્રેસ પોતાના પર લાગેલા ભ્રષ્ટાચારના દાગ ધોઈને જનતા વચ્ચે નવી મજબૂતી સાથે જવાની વ્યૂહરચના બનાવી રહી છે.

2. વૈચારિક અને નૈતિક લડાઈ: વિપક્ષી ગઠબંધન હવે સત્તાધારી પક્ષ સામે 'આક્ષેપોની રાજનીતિ' નો ઉઘાડો વિરોધ કરીને જનતાનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરશે.

3. ભાજપનો પક્ષ: બીજી તરફ, ભાજપ આ ચુકાદાઓ છતાં પોતાના શાસનકાળની સિદ્ધિઓ, રાષ્ટ્રીય સુરક્ષા, મજબૂત નેતૃત્વ અને વિકાસના મુદ્દાઓ પર આધાર રાખીને જનતા સમક્ષ જશે. ભાજપ સમર્થકોનું માનવું છે કે ભૂતકાળના મુદ્દાઓ પર અદાલતી નિર્ણયોથી જનતાના રાજકીય જનાદેશ પર કોઈ વિપરીત અસર પડશે નહીં.

આગામી સમયમાં આ કાનૂની નિર્ણયોને રાજકીય મંચ પર કેવી રીતે વટાવવામાં આવે છે, તે દેશના રાજકારણની ભાવિ દિશા નક્કી કરશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# NTA પેપર લીક કાંડમાં શાસકો સામે ગંભીર સવાલો

## સીબીઆઈની ચાર્જશીટ બાદ રાજકારણમાં મોટો ગરમાવો, ઉચ્ચ હોદ્દાઓ પર સંઘની પશ્ચાતભૂમિની નિમણૂકો સામે આકરા પ્રહાર

નેશનલ ટેસ્ટિંગ એજન્સીમાં ભરતી પ્રક્રિયાથી લઈને વહીવટ સુધી મોટો ખેલ: 'અમારી સરકારમાં રાજીનામા હોતાં જ નથી' તેવા રાજનાથ સિંહના નિવેદન વચ્ચે વિપક્ષના આકરા પ્રહારો

દેશના કરોડો વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની પેપર લીક ઘટના બાદ દેશભરમાં જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સીબીઆઈ (CBI) ની ચાર્જશીટમાં થયેલા મોટા ખુલાસા બાદ NTA એ જ પેપર લીક કરાવ્યું હોવાની બાબતે મોટો વિસ્ફોટ કર્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સમગ્ર મામલે હવે કેન્દ્ર સરકાર અને શાસક પક્ષ વિપક્ષના નિશાના પર આવી ગયા છે.

### NTAમાં ભરતીનું માળખું અને વિવાદોનો ઘેરાવ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) માં ભરતી મુખ્યત્વે કેન્દ્ર સરકાર દ્વારા સીધી ભરતી (Direct Recruitment), ડેપ્યુટેશન (Deputation - એટલે કે અન્ય સરકારી વિભાગોમાંથી કર્મચારીઓની પસંદગી) અને કરાર આધારિત (Contractual) ધોરણે કરવામાં આવે છે. પરંતુ આ ભરતી પ્રક્રિયા અને મહત્વના હોદ્દાઓ પર નીતિવિષયક નિર્ણયો લેનારા લોકોની ભૂમિકા સામે હવે અનેક આશંકાઓ અને સવાલો ઊભા થઈ રહ્યા છે.

### "અમારી સરકારમાં રાજીનામા હોતાં જ નથી": રાજકીય ઘમાસાણ

પેપર લીકના ગંભીર વિવાદો વચ્ચે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના 'અમારી સરકારમાં રાજીનામા હોતાં જ નથી' તેવા નિવેદન બાદ રાજકારણ વધુ ગરમાયું છે. રાજકીય વિશ્લેષકો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, મોવડીમંડળ દ્વારા કોઈપણ મંત્રી કે જવાબદાર વ્યક્તિનો ભોગ લેવામાં આવતો નથી. શિક્ષણ મંત્રીથી લઈને વડાપ્રધાન કાર્યાલય કે રામમંદિર ટ્રસ્ટ સુધીના મહત્વના હોદ્દાઓ પર ચોક્કસ વિચારધારા અને RSS ની પશ્ચાતભૂમિ ધરાવતા લોકોની નિમણૂકો કરવામાં આવે છે તેવો આક્ષેપ પણ આક્રમક રીતે થઈ રહ્યો છે. પ્રહલાદ જોશી જેવા નેતાઓ પણ ૧૯૯૦ અગાઉથી સંઘ સાથે જોડાયેલા રહ્યા છે.

### CBI ચાર્જશીટમાં ધડાકો: જનતા અને યુવાનોમાં ભારે રોષ

સીબીઆઈની ચાર્જશીટમાં થયેલા ખુલાસા બાદ સ્પષ્ટ થઈ રહ્યું છે કે NTA ની સંડોવણી અને બેદરકારીને કારણે લાખો વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. પેપર લીક કાંડ માત્ર એક અકસ્માત નથી પરંતુ વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા છે. યુવાનો અને વાલીઓ રસ્તા પર ઉતરીને કડકમાં કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

# RSS પ્રમુખ મોહન ભાગવતના 'જેન-ઝી' અંગેના નિવેદનથી રાજકારણ ગરમાયું

## કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ આપી આકરી પ્રતિક્રિયા

'વિરોધ કરી રહેલા યુવાનો દેશવિરોધી નથી, લોકશાહીમાં પ્રદર્શન એ સહમતિનું સાધન': રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતનું મોટું નિવેદન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવત દ્વારા નવી પેઢી એટલે કે 'જેન-ઝી' (Gen-Z) અને તાજેતરમાં



થયેલા યુવા આંદોલનોને લઈને આપવામાં આવેલા નિવેદન બાદ દેશના રાજકારણમાં નવો ગરમાવો આવી ગયો છે. ગુરુવારે 'જેન-ઝી' સાથે જોડાયેલા એક વિશેષ કાર્યક્રમમાં હાજરી આપતા મોહન ભાગવતે ખુલ્લા મનથી સ્વીકાર્યું હતું કે, તાજેતરના આંદોલનો દરમિયાન વિદ્યાર્થીઓની જે ફરિયાદો અને માંગણીઓ હતી તે સંપૂર્ણપણે વાજબી હતી.

મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પોતાની માંગણીઓ અને હક્કો માટે રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહેલા 'જેન-ઝી' યુવાનો સહેજ પણ દેશવિરોધી નથી. લોકશાહી દેશમાં પોતાના અવાજને બુલંદ કરવો અને વિરોધ દર્શાવવો એ પણ આખરે સહમતિ અને સુધારા તરફ આગળ વધવાનું જ એક સશક્ત માધ્યમ છે.

અભિજિત દીપકેની તીખી પ્રતિક્રિયા: શાસકો પર પ્રહાર: RSS પ્રમુખના આ સ્ફોટક અને સંતુલિત નિવેદન બાદ 'કૉક્રોચ જનતા પાર્ટી'ના સ્થાપક અભિજિત દીપકેએ આક્રમક પ્રતિક્રિયા આપી છે.

અભિજિત દીપકેએ શાસક પક્ષ અને સિસ્ટમ સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, જ્યારે પણ યુવાનો કે વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્ય, શિક્ષણ અને રોજગારી માટે અવાજ ઉઠાવે છે ત્યારે તેમને 'દેશદ્રોહી' કે 'અરાજક તત્વો' ગણાવી દેવાની સત્તાધીશોની માનસિકતા ખોટી છે. RSS પ્રમુખે ખુદ આ વાતનો સ્વીકાર કરવો પડ્યો છે કે યુવાનોનો રોષ વાજબી છે, જે શાસક પક્ષના ગાલ પર તમાચો છે.

મોહન ભાગવતના આ નિવેદન બાદ એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે યુવા પેઢીના વિરોધ પ્રદર્શનને હવે સીધા ફગાવી શકાય તેમ નથી. હવે જોવું એ રહ્યું કે સંઘ પ્રમુખના આ વલણ બાદ સરકાર યુવાનો અને 'જેન-ઝી'ની માંગણીઓને કેટલી ગંભીરતાથી લે છે.

# ભાજપ પર મહિલાઓના અપમાનનો આરોપ! કાશ્મીરની રેલીમાં સૂત્રોચ્ચારથી પાર્ટી બેકફૂટ પર

## કલમ 370 હટાવ્યાની 7મી વર્ષગાંઠે અનંતનાગમાં ભાજપની વિજય રેલી દરમિયાન લાગેલા વિવાદિત નારાઓથી રાજકીય બબાલ મચી છે. કશ્મીરી મહિલાઓના અપમાનના ગંભીર આરોપો બાદ ભાજપે આ નારાઓથી કિનારો કરી સત્તાવાર સફાઈ રજૂ કરી

અનુચ્છેદ 370 હટવાની 7મી બરસી પર અનંતનાગમાં ભાજપની રેલી દરમિયાન લાગેલા વિવાદિત નારાઓ પર રાજકીય બવાલ ખૂબ જ વધી ગયો છે. કશ્મીરી મહિલાઓના અપમાનના ગંભીર આરોપો બાદ બેકફૂટ પર આવેલી ભાજપે આ નારાઓથી સ્પષ્ટ કિનારો કરી લીધો છે અને સત્તાવાર રીતે સફાઈ રજૂ કરી છે. જમ્મુ-કશ્મીરમાંથી 5 ઓગસ્ટ 2019ના રોજ આ વિશેષ અનુચ્છેદ નાબૂદ કરવામાં આવ્યો હતો. જેની આ વર્ષે 7મી વર્ષગાંઠ ઉજવવામાં આવી રહી હતી. આ દિવસે જ્યાં એક તરફ ભાજપ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી હતી, ત્યારે બીજી તરફ આ વિવાદે સમગ્ર માહોલને ગરમાવી દીધો છે.

સમગ્ર વિવાદનું મુખ્ય કારણ

અનંતનાગમાં જમ્મુ-કશ્મીર ભાજપના ઉપાધ્યક્ષ સોફી યુસુફની આગેવાનીમાં એક વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જુલૂસ દરમિયાન સોફી યુસુફ અને તેમના સમર્થકો દ્વારા કેટલાક એવા નારા લગાવવામાં આવ્યા જેને કશ્મીરી મહિલાઓના સન્માન સાથે જોડીને જોવામાં આવ્યા. આ નારાઓનો વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થતાં જ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો અને વિપક્ષી પક્ષોએ પણ સરકાર સામે તીખી પ્રતિક્રિયા આપી. સ્થાનિક સંસ્કૃતિમાં



આ શબ્દોને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

વિપક્ષી નેતાઓની તીખી પ્રતિક્રિયા

નેશનલ કોન્ફરન્સ (NC) ના પ્રવક્તા તનવીર સાદિકે આ મામલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે અમુક અપમાન માત્ર કોઈ એક વ્યક્તિના નહીં પરંતુ સમગ્ર સમાજના હોય છે. તેમણે ઉમેર્યું કે આ પ્રકારના શબ્દો એ સન્માન અને સ્નેહની ગરિમા પર પ્રહાર કરે છે જેની સાથે કશ્મીર હંમેશા પોતાની માતાઓ અને બહેનોને માન આપે છે. વિપક્ષે આને ગંભીર મુદ્દો બનાવીને જનતા સમક્ષ ભાજપની નીતિઓ પર સવાલ ઉઠાવ્યા છે અને કડક કાર્યવાહીની માંગ કરી છે.

ભાજપ દ્વારા સ્પષ્ટતા અને કિનારો

વધતા જતા વિરોધ અને રાજકીય દબાણને કારણે ભાજપે તાત્કાલિક ધોરણે સ્પષ્ટતા બહાર પાડી છે. પાર્ટીના પ્રવક્તાએ જણાવ્યું કે આ નારાઓ ભાજપના અધિકૃત વિચારો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહિલા સન્માન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા નથી. કેટલાક વ્યક્તિઓએ પોતાની અંગત ભાવનાઓ કે વિચારોના આધારે આ ઉચ્ચારણ કર્યું હશે, અને પાર્ટી કોઈપણ પ્રકારની અપમાનજનક ટિપ્પણીનું સમર્થન કરતી નથી. આ ઘટનાથી રાજકીય ગરમાવો વધી ગયો છે અને આગામી દિવસોમાં આ વિવાદ વધુ વેગ પકડી શકે છે, જેના પર સૌની નજર ટકેલી છે.

# અમદાવાદ હાઈકોર્ટ એસોસિએશને આકાશ પંડયાને જન્મ દિનની ગીફટ આપી

- અમદાવાદ હાઈકોર્ટ એડવોકેટસમાં આકાશ પંડયાની કો–ઓપ્ટની પસંદગી
- જન્મ દિને પૂર્વ રાજયપાલ, મંત્રીઓ, સાંસદ, ધારાસભ્યો, વકીલ મિત્રોએ શુભેચ્છા પાઠવી.
- વિજ્ઞાન જાથાના સમર્થકો-શુભેચ્છકોએ અભિનંદન વર્ષા મોકલી.
- રાજકોટ અમદાવાદ વડોદરા – સુરતના એડવોકેટ મિત્રોએ જન્મ દિને શુભકામના પાઠવી.

અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટ એડવોકેટસ એસોસિએશન (GHCAA) ની તાજેતરમાં યોજાયેલી મેનેજીંગ કમિટીની બેઠકમાં એસોસિએશને કારોબારી સમિતિના વિસ્તરણ અને મજબુતીકરણ માટે મહત્વ ઠરાવ પસાર કરી વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા અને માતા એડવોકેટ & નોટરી હર્ષાબેનના પુત્ર આકાશ પંડયાની કમિટીમાં કો-ઓપ્ટ તરીકે પસંદગી કરી તા. ૮ મી ઓગસ્ટની જન્મ દિનની ભેટ આપતા ગુજરાતભરમાંથી વકીલ મિત્રો, શુભેચ્છકોએ અભિનંદન વર્ષા પાઠવી હતી. અગાઉની ચૂંટણીમાં મેનેજીંગ કમિટીમાં સૌથી વધુ મત મેળવી વિજેતા થયા



હતા. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ અને સિનિયર એડવોકેટ યતિનભાઈ ઓઝાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સર્વાનુમતે નવા સભ્યોને મેનેજીંગ કમિટીમાં કો-ઓપ્ટ સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મિટીંગમાં ઉપપ્રમુખ પૃથ્વીરાજસિંહ એ. જાડેજાએ હાઈકોર્ટના સક્રિય અને જાણીતા એડવોકેટ આકાશ પંડયાનો પ્રસ્તાવ મુકતા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. તેમાં પૂર્વ સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટ અને સુશ્રી હિમાંશી બલોદી ત્રણેયની કો-ઓપ્ટની પસંદગી કરી જવાબદારીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ત્રણેય વકીલ મિત્રોને પોતાના વર્તુળમાંથી શુભેચ્છા સંદેશા પાઠવવામાં આવ્યા હતા. એડવોકેટ & નોટરી આકાશ જયંતકુમાર પંડયાનો જન્મ દિવસ તા. ૮ મી ઓગસ્ટે આવતો હોય બાર એસોસિએશને વિશેષ ગીફટ આપી હતી. તે બદલ એસોસિએશન પ્રમુખ યતિનભાઈ ઓઝા, ઉપપ્રમુખ પૃથ્વીરાજસિંહ જાડેજા, સેક્રેટરી ભાવિક પંડયા, જોઈન્ટ સેક્રેટરી દર્શન દવે, ખજાનચી અમી પટેલ, કમિટીના મેમ્બર્સ નીલ દવે, દેવ કેલા, કિંજલ પટેલ, ગાયત્રી વ્યાસ, ચિરાગ પ્રજાપતિ, ચાંદની જોશી, દિપશિખા મિશ્રા, વિજયરાજસિંહ ઝાલા, કૌશલ દવે, પ્રમોદકુમાર ગેહલોત, રજની ભાર્ગવ, આદિત્ય અસ્થાવડી, કેતન આચાર્ય, વિરાજ દેસાઈ, ત્રિશલા શેઠનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. આકાશ પંડયાને શુભેચ્છાઓમાં પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, રાજયના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કુંવરજીભાઈ બાવરીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે સહિત પદાધિકારીઓ, શુભેચ્છકો, વકીલ મિત્રો, જાથાના સમર્થકોએ શુભેચ્છા સાથે અભિનંદનને વરસાદ કર્યો હતો.આકાશ મો.૯૭૨૪૩ ૦૦૧૩૦ ઉપર શુભેચ્છાઓ હતી.

# 40 કરોડ યુવાઓમાં ભારેલો અગ્નિ! તમામ સરકારો જેન-ઝી (Gen-Z)ની રડારમાં, ચૂપકિદી સામે આક્રોશ ભભૂક્યો

દિલ્હી/અમદાવાદ

દેશમાં ૪૦ કરોડથી વધુ યુવાનોમાં હાલ અન્યાય અને બેરોજગારી સામે ભારે આક્રોશ વ્યાપેલો છે. જેન-ઝી (Gen-Z) તરીકે ઓળખાતી નવી પેઢી હવે રાજકીય પક્ષોના પોકળ વચનો કે નેતાઓની ગુમરાહ કરતી વાતોમાં આવવા તૈયાર નથી. દિલ્હીથી લઈને દેશના વિવિધ ખૂણે ઊભો થયેલો આક્રોશ સ્પષ્ટ સંકેત આપે છે કે વર્તમાન અને ભૂતપૂર્વ – તમામ સરકારો હવે યુવાપીઠની સીધી રડારમાં આવી ગઈ છે.

ચૂપકિદી સામે ભભૂકેલો આક્રોશ

દાયકાઓથી સિસ્ટમના ભ્રષ્ટાચાર, પેપર લીક અને રોજગારના અભાવે યુવાનોના ભવિષ્ય પર પ્રશ્નાર્થચિહ્ન મુકાઈ ગયું છે. યુવાનોનો આક્ષેપ છે કે જ્યારે પણ જ્વલંત પ્રશ્નો ઊભા થાય છે, ત્યારે વહીવટી તંત્ર અને રાજકીય આગેવાનો મૌન ધારણ કરી લે છે.

સિસ્ટમ સામે અસંતોષ: શિક્ષણ પ્રણાલીમાં ખામીઓ, ભરતી પરીક્ષાઓમાં અનિયમિતતા અને યોગ્ય તકોના અભાવે યુવાધન નિરાશા અને ગુસ્સાના ત્રિભેટે આવીને ઊભું છે.

જેન-ઝીનો અવાજ: સોશિયલ મીડિયાથી લઈને રોડ-રસ્તા સુધી હવે યુવાનો પોતાની માંગણીઓ માટે સંગઠિત થઈ રહ્યા છે. તેઓ કાગળ પરના આંકડા કે ભાષણો નહીં, પરંતુ જમીની સ્તરે પરિણામ ઈચ્છે છે.

૫૦% યુવાનો ફરી આંદોલનના મૂડમાં!

તાજેતરના અહેવાલો અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા ટ્રેન્ડ્સ દર્શાવે છે કે આશરે ૫૦ ટકા જેટલા યુવાનો 'કોકરોચ જનતા પાર્ટી' જેવા આકરા પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શનો અને આંદોલનો સાથે જોડાયા છે. આ નામ સત્તાધારી અને વિપક્ષી બંને પક્ષોની નિષ્ફળતાઓ સામે એક ઘાતક કટાક્ષ તરીકે ઉભરી આવ્યું છે.

દિલ્હી પ્રોટેસ્ટ દરમિયાન સામે આવેલા દ્રશ્યો એ વાતની સાક્ષી પૂરે છે કે યુવાનો હવે ભીખ માગવાના મૂડમાં નથી, પરંતુ પોતાનો હક છીનવી લેવા માટે તત્પર છે.

સરકારો માટે ચેતવણીરૂપ ઘંટડી

જો તમામ રાજકીય પક્ષો અને તંત્ર સમયસર યુવાનોના આક્રોશને સમજીને યોગ્ય પગલાં નહીં ભરે, તો ૨૦૨૬ અને આવનારી તમામ ચૂંટણીઓમાં આ ૪૦ કરોડ યુવાધન એક મોટું રાજકીય પરિવર્તન લાવવાની તાકાત ધરાવે છે. આ કોઈ સામાન્ય અસંતોષ નથી, પરંતુ એક દેશવ્યાપી ચેતનાનો ઉદય છે જે સિસ્ટમની નાડ પારખી ચૂકી છે.

# વિશ્વાસ રાખો કે તમે કરી શકો છો! – સંત રાજીન્દર સિંહજી મહારાજ

માત્ર સકારાત્મક વિચારસરણી અને વલણ જ આપણને આપણા લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરી શકે છે. ઘણી વખત આપણે પોતાની ખામીઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેના કારણે આત્મશંકા અને આત્મવિશ્વાસનો અભાવ જન્મે છે. ઈતિહાસ સાબિત કરે છે કે માનવજાતે દૃઢ નિશ્ચય, નવીનતા અને સતત પ્રયત્નોથી અનેક પડકારો પર વિજય મેળવ્યો છે.



જો આપણે પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખીએ અને નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ, તો આપણે આપણા લક્ષ્યો હાંસલ કરી શકીએ છીએ. પરંતુ જો આપણે માત્ર પોતાની નિષ્ફળતાઓ પર જ ધ્યાન આપીએ, તો પ્રથમ પગલું ભરવામાં પણ અચકાઈએ છીએ. સફળતા માટે સકારાત્મક વલણ, સતત પ્રયત્ન અને લક્ષ્ય પ્રત્યે એકાગ્રતા જરૂરી છે.

આ જ વાત આધ્યાત્મિક જીવનમાં પણ લાગુ પડે છે. જ્યારે આપણે જીવનનો અર્થ શોધવા માટે આધ્યાત્મિક યાત્રા શરૂ કરીએ છીએ અને આત્મિક ઉન્નતિના લક્ષ્ય પર વિશ્વાસ અને સમર્પણ સાથે અડગ રહીએ છીએ, ત્યારે આપણે સમજીએ છીએ કે બધા જવાબો આપણા અંતરમાં જ છે. ધ્યાન દ્વારા આપણે આપણા સાચા સ્વરૂપને આત્મા તરીકે ઓળખીએ છીએ અને ઈશ્વરના પ્રેમ તથા દિવ્ય પ્રકાશનો અનુભવ કરીએ છીએ. આ અનુભવ આપણું જીવન પરિવર્તિત કરે છે, આંતરિક સ્થિરતા આપે છે અને જીવનના સર્વોચ્ચ લક્ષ્ય તરફ આગળ વધવામાં મદદ કરે છે.

આશાવાદ આપણા આત્માનો એક દિવ્ય ગુણ છે. આપણો આત્મા ઈશ્વરનો અંશ હોવાથી આ ગુણ આપણામાં સ્વાભાવિક રીતે રહેલો છે. નિરાશાવાદ આપણને ઈશ્વર દૂર છે એવું અનુભવ કરાવે છે, જ્યારે આશાવાદ આપણા લક્ષ્ય સુધી પહોંચવાના માર્ગો ખોલી આપે છે.

આ બધાની શરૂઆત માત્ર એક જ વિશ્વાસથી થાય છે–કે આપણે આપણું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ.

સાવન કૃપાલ રૂહાની મિશનના વિશ્વભરમાં 3200 થી વધુ કેન્દ્રો છે અને તેના સાહિત્યનો અનુવાદ 55 થી વધુ ભાષાઓમાં થયો છે. મિશન નું મુખ્ય સેન્ટર વિજયનગર, દિલ્હી ખાતે અને આંતરરાષ્ટ્રીય સેંટર નૅપરવિલ, અમેરિકા ખાતે સ્થિત છે.વધુ માહિતી માટે સંપર્ક કરો : 9825467110, skrmzn12@gmail.com




### નસવાડી તાલુકાના પીસાયદા ગામની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સંકટ

# જર્જરિત ઓરડાઓના કારણે બાળકો પતરાના શેડ નીચે અભ્યાસ કરવા મજબૂર





છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના પીસાયદા ગામમાં આવેલી ધોરણ 1 થી 8 સુધીની સરકારી પ્રાથમિક શાળાની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. શાળાના જર્જરિત મકાન અને મૂળભૂત સુવિધાઓના અભાવને કારણે નાનાં-નાનાં વિદ્યાર્થીઓ ખુલ્લામાં પતરાના શેડ નીચે બેસીને અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

પીસાયદા પ્રાથમિક શાળામાં કુલ ચાર વર્ગખંડ આવેલા છે, પરંતુ તેમાંથી ત્રણ વર્ગખંડ અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી તેનો ઉપયોગ કરવો જોખમી બની ગયો છે. વરસાદી મોસમ દરમિયાન આ ઓરડાઓમાં છતમાંથી સતત પાણી ટપકતું હોવાથી વિદ્યાર્થીઓને ત્યાં બેસાડવા શક્ય નથી. દિવાલો અને છત પણ નબળી હાલતમાં હોવાથી અકસ્માતની ભીતિ વચ્ચે શિક્ષકો અને વિદ્યાર્થીઓ અભ્યાસ કાર્ય કરી રહ્યા છે. હાલમાં માત્ર એક જ વર્ગખંડ ઉપયોગમાં છે, જેમાં ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે. જ્યારે ધોરણ 1 થી 5ના વિદ્યાર્થીઓને વર્ગખંડ ન મળતા શાળાના પરિસરમાં બનાવેલા પતરાના શેડ નીચે બેસીને શિક્ષણ મેળવવું પડે છે. વરસાદ, ગરમી અને અન્ય પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ આ બાળકો અભ્યાસ ચાલુ રાખવા મજબૂર બન્યા છે.

શાળામાં વીજ પુરવઠાની સમસ્યા પણ ગંભીર બની છે. વીજ મીટરની લાઇનમાં ખામી સર્જાતા લાંબા સમયથી શાળામાં વીજળી ઉપલબ્ધ નથી. આ અંગે મધ્ય ગુજરાત વીજ કંપનીમાં લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. વીજળીના અભાવે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને દૈનિક શૈક્ષણિક કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક ગ્રામજનો અને વાલીઓનું કહેવું છે કે વારંવાર રજૂઆતો છતાં હજુ સુધી શાળાના નવા વર્ગખંડો બનાવવા અથવા જર્જરિત ઓરડાઓનું સમારકામ કરવા માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે ગરીબ આદિવાસી સમાજના બાળકોનું શિક્ષણ સીધી રીતે પ્રભાવિત થઈ રહ્યું છે.

વાલીઓ અને ગ્રામજનોએ જિલ્લા શિક્ષણ વિભાગ, જિલ્લા વહીવટી તંત્ર તેમજ રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે કે પીસાયદા પ્રાથમિક શાળાના જર્જરિત વર્ગખંડોને તાત્કાલિક ધોરણે દૂર કરી નવા અને સુરક્ષિત વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવે. સાથે જ શાળામાં વીજ પુરવઠો વહેલી તકે પુનઃસ્થાપિત કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓને સુરક્ષિત અને યોગ્ય શૈક્ષણિક વાતાવરણ મળી શકે.

હાલ તો પીસાયદા ગામના ગરીબ આદિવાસી પરિવારોના બાળકો પતરાના શેડ નીચે બેસીને પોતાના ભવિષ્યના સપનાઓને સાકાર કરવાની આશા સાથે અભ્યાસ કરી રહ્યા છે.

### દાંતા-હડાદ તાલુકાની

## આંગણવાડીનો જથ્થો બહારના તાલુકામાં જતો પકડાયો, છતાં ટેન્ડર એજ વ્યક્તિને - શા માટે?

દાંતા

બાળકોનું ભવિષ્ય એટલે આંગણવાડી. અને આંગણવાડીનું ભવિષ્ય એટલે ત્યાં મળતો પૌષ્ટિક જથ્થો. પણ દાંતા-હડાદ તાલુકામાં આ જથ્થા સાથે જે રમત ચાલી રહી છે તેનાથી શરમથી માથું ઝૂકી જાય તેવી સ્થિતિ છે. છેલ્લા ઘણા સમયથી દાંતા તાલુકાની આંગણવાડીઓ માટે આવતા અનાજ, પૌષ્ટિક આહાર અને અન્ય જથ્થામાંથી બારોબારીયું થતી હોવાની બૂમરાડ ઉઠી છે. પુરાવા પણ સામે આવ્યા છે. અગાઉ પણ દાંતાના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આંગણવાડીનો જથ્થો દાંતા તાલુકાની બહાર અન્ય તાલુકામાં લઈ જતા વાહનને રંગે હાથે પકડી પાડવામાં આવ્યું હતું. ત્યારે સવાલ એ થાય છે કે, જથ્થો પકડાયા બાદ આખરે શું કાર્યવાહી કરવામાં આવી?

જો કાર્યવાહી થઈ જ હોય તો સૌથી મોટો સવાલ એ છે કે બીજી વાર એજ વ્યક્તિને આંગણવાડીના જથ્થાનું ટેન્ડર કેવી રીતે સોંપવામાં આવ્યું? શું નિયમો માત્ર ગરીબ માટે જ છે?

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કેટલાક તત્વોના મિલીભગતથી વર્ષોથી આંગણવાડીના જથ્થામાં ભ્રષ્ટાચારના આક્ષેપ,નાનાં બાળકો અને સગર્ભા બહેનોના પેટ પર તરાપ મારવામાં આવી રહી છે. પકડાયા પછી પણ કોઈના પર કાર્યવાહી ન થવી એ આ આક્ષેપોને



વધુ પુષ્ટિ આપે છે.

અમારી માંગ: 1. દાંતા-હડાદ તાલુકાની આંગણવાડીઓના છેલ્લા 2 વર્ષના જથ્થાની જિલ્લા કક્ષાએથી અચાનક અને તટસ્થ તપાસ કરવામાં આવે. 2. જથ્થો બહાર લઈ જનારાઓ અને જે અધિકારીઓની મિલીભગત છે તેમના વિરુદ્ધ તાત્કાલિક FIR અને કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

### વડોદરા ANTF ની મોટી કાર્યવાહી

## કલોલ-હાલોલ રોડ પરથી રૂપિયા 3.15 લાખના ગાંજા સાથે 3 આરોપીઓ ઝડપાયા

વડોદરા, ઇમરાન મિર્ઝા

એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (A.N.T.F.) વડોદરા ઝોન દ્વારા ગેરકાયદેસર માદક પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે એક સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. એ.એન.ટી.એફ. ગાંધીનગરના પોલીસ અધિક્ષક શ્રી લોકેશ યાદવની સૂચના અને વડોદરા ઝોનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી કે.ડી. ખાંભલાના માર્ગદર્શન હેઠળ આ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.ચોક્કસ બાતમીના આધારે દરોડોએ.એ.ટી.એફ. વડોદરા ઝોનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.જે. રાણા નાર્કોટિક્સ અંગે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.જે. રાણા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ (PC) જાગૃતિબેન બાબરિયા (બ.ન.-૪૭૦) નાઓને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, કેટલાક ઈસમો ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થ (સુકો ગાંજો) નો જથ્થો લઈને કલોલ-હાલોલ રોડ પરથી પસાર થવાના છે.આ બાતમીના આધારે પોલીસ ટીમે પંચોની હાજરીમાં કલોલ થી હાલોલ જવાના રોડ પર, એમ.જી.એસ. સ્કૂલ ગરનાળા પાસે આવેલી ટ્રાફિક પોલીસ ચોકી નજીક વોચ ગોઠવી સફળતાપૂર્વક દરોડો પાડ્યો હતો. લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્તપોલીસના આ દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ મળી આવ્યો હતો:સુકો ગાંજો: ૬.૩૦૭ કિલોગ્રામ (કિંમત રૂ. ૩,૧૫,૩૫૦/-)વાહન: એક ફોર-વ્હીલર ગાડી (નંબર: GJ-17-CK-6161)મોબાઈલ: ઓપો કંપનીનો મોડેલ Z9 5G ફોનરોકડ રકમ: રૂ. ૯,૧૫૦/-અન્ય વસ્તુઓ: આધારકાર્ડની નકલ, બસ ટિકિટો અને પેનડ્રાઈવકુલ મુદ્દામાલ: રૂ. ૧૬,૪૪,૫૦૦/-ત્રણ આરોપીઓની ધરપકડગાંજાના જથ્થા અને વાહન સાથે પોલીસે સ્થળ પરથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે:૧. અફઝલ અસલમ કુરેશીર. રવિભાઈ નારણભાઈ દંતાણીઉ. પઠાણ નમીદખાન સબ્બીરખાન પઠાણઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ કલોલ પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ. એક્ટ (NDPS Act) ની કલમ-૮(સી), ૨૦(બી) (ii)(બી), ૨૯ મુજબ ગુનો PSI Jp Mevada ANTF Vadodara Zone Gandhinagar dwara Dakhal karavi આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## પંચાયતની માહિતી માંગવા મુદ્દે વિવાદ, કડાણામાં બંને પક્ષે નોંધાવી પોલીસ ફરિયાદ

મહીસાગર, કાનજી ધામોત

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં થયેલી મારામારીની ઘટનાને લઈને બંને પક્ષે કડાણા પોલીસ સ્ટેશનમાં સામસામી ફરિયાદ નોંધાવી છે. એક પક્ષની ફરિયાદ મુજબ, ખરાવાડા ગ્રામ પંચાયતની માહિતી માંગનાર દિનેશ માછી અને અન્ય એક વ્યક્તિ પર મહિલા સરપંચ શાંતાબેન માછી, તેમના પતિ જગાભાઈ માછી તથા પુત્ર ધર્મેશ માછીએ હુમલો કર્યો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, 'તું પંચાયતની માહિતી કેમ માંગે છે?' તેમ કહી બંને યુવકો સાથે મારામારી કરવામાં આવી હતી. બીજી તરફ, ખરાવાડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ શાંતાબેન માછીએ પણ દિનેશ માછી અને હાર્દિક માછી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે બંને યુવકો પંચાયતની કામગીરી અંગે ઉગ્ર બોલાચાલી કરી રહ્યા હતા અને 'અમારી કામગીરી કરતા નથી તેમજ માહિતી આપતા નથી' જેવા આક્ષેપો કરી તેમના પર હુમલો કર્યો હતો.

## કડેગી-અમીપુર ગામ વચ્ચે બાવળોની કાટમાં છુપાવેલ 1,08,850ના વિદેશી દારૂ સાથે એક આરોપી ઝડપાયો

ગોસા(ઘેડ), વિરમભાઇ કે આગઠ

પોરબંદર જિલ્લાના કુતિયાણા ના કડેગી અને અમીપુર ગામ વચ્ચે બાવળોની કાટમાં છુપાવેલ ઇંગ્લીશ વિવિધ બ્રાન્ડની નાની મોટી કુલ બોટલો નંગ ૨૬૯ કિંમત રૂ.૧,૦૮/૮૫૦ ના પ્રોજોબિશનના ગુન્હાના કામે કડેગીના એક આરોપીને પકડી પાડી કુતિયાણા પોલીસ સ્ટેશનમાં જુગારધારાનો ગુન્હો દાખલ કર્યો છે.આ ગુન્હામાં સંડોવાયેલ કડેગી અને જૂનાગઢના બે શખ્સ ફરાર હોય પોલીસ દ્વારા તેમને પકડી પાડવા શોધખોળ શરૂ કરી છે.

પોરબંદર જિલ્લામાં પ્રોહીબીશન અને જુગારની બદી દૂર કરવા માટે જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા પોરબંદર જિલ્લામાં પ્રોહી - દારૂની બદી દૂર કરવાઆય અપાયેલ સૂચનાઓ મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ કુતિયાણા પોલીસ સ્ટેશનના પોલીસ




ઈન્સ્પેક્ટર વાય.જી. માથુકીયા અને સર્વેલન્સ સ્ટાફ દ્વારા કામગીરી આ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી ની વિગત મુજબ કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન સંયુકત ખાનગીરાહે મળેલ બાતમીના આધારે કડેગી ગામથી અમીપુર ગામ તરફ જતા રસ્તા પર વાવા સીમ વિસ્તારમાં મળેલ બાતમી વળી જગ્યાએ તપાસ કરતા બાવળની ઝાડીઓમાં છુપાવી રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે કુલ ૨૬૯ નાની-મોટી બોટલો તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૦૮,૮૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ મામલે પોલીસે ભરત જોધાભાઈ કોડીયાતર (ઉ.વ.૨૦, રહે. કડેગી ગામ તા. કુતિયાણા) ને ઝડપી પાડી તેની સામે પ્રોહીબીશનનો ગુન્હો નોંધ્યો છે. જ્યારે વિજય મુરૂભાઈ કોડીયાતર (રહે. કડેગી ગામ) અને લખન મુંજાભાઈ કોડીયાતર (રહે. મધુરમ સોસાયટી જુનાગઢ) હાલ ફરાર છે.

### ઝાલોદના કદવાળ ગામે આશ્રમશાળાના રસોઈયા પર લોખંડની પાઇપથી હુમલો

## મોટરસાયકલ બાબતની બોલાચાલી બાદ મારામારી, માથામાં ગંભીર ઇજા; બે સામે પોલીસ ફરિયાદ નોંધાઇ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના કદવાળ ગામે આવેલી આશ્રમ શાળાના રસોઈયા પર મોટરસાયકલ બાબતે થયેલી બોલાચાલી બાદ લોખંડની પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં રસોઈયાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ઝાલોદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે બે વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ કદવાળ મોટા ફળિયામાં રહેતા અને કદવાળ ગામની આશ્રમ શાળાના કુમાર છાત્રાલયમાં વર્ષ 2010થી રસોઈયા તરીકે ફરજ બજાવતા મુકેશભાઈ સામાભાઈ કટારાએ પોલીસ સમક્ષ નોંધાવ્યું છે કે, ગત 4 ઓગસ્ટના રોજ સાંજના આશરે પાંચ વાગ્યાના સમયે તેઓ આશ્રમ શાળામાં વિદ્યાર્થીઓ માટે ભોજન બનાવવાની તૈયારી કરી રહ્યા હતા. તે દરમિયાન ગામના જિતેન્દ્રભાઈ કાંતિભાઈ ડામોર તથા નાનીભાઈ વિનેશભાઈ ડામોર મોટરસાયકલ લઈને આશ્રમ શાળાની બહાર આવ્યા હતા. મુકેશભાઈએ પોતાની મોટરસાયકલ રિપેરિંગમાં હોવાથી તેનો ખર્ચ કેટલો થશે તે અંગે પૂછતાં તેમની મોટરસાયકલ પર હાથ મૂક્યો હતો. આ બાબતે બંને વ્યક્તિઓ ઉશ્કેરાઈ ગયા હતા અને જાહેરમાં અપશબ્દો બોલી ઝઘડો શરૂ કર્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, નાનીભાઈ વિનેશભાઈ ડામોરે હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે મુકેશભાઈના માથાના ભાગે ફટકો માર્યો હતો. જેના કારણે તેઓ જમીન પર પડી ગયા હતા અને માથામાં ચામડી ફાટી લોહી નીકળ્યું હતું. ત્યારબાદ બંને આરોપીઓએ ગડદા-પાટુનો માર માર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. ઘટના બાદ બંને આરોપીઓએ ફરી સામે મળશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. ઈજાગ્રસ્ત મુકેશભાઈને ગામના સતિષભાઈ શાંતુભાઈ કામોળ તથા ઋતુભાઈ ભુરાભાઈ પલાસે ખાનગી દવાખાને પહોંચાડ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ઝાલોદની ધુન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે જિતેન્દ્રભાઈ કાંતિભાઈ ડામોર અને નાનીભાઈ વિનેશભાઈ ડામોર સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શ્રાવણ માસ પહેલા ઝાલોદ પોલીસનો જુગારીઓ પર મેગા સપાટો

## ખાંટવાડા અને ટીટોડી નદી કિનારે બે સ્થળે એકસાથે દરોડા; 7 જુગારીઓ ઝડપાયા, એક ફરાર

ઝાલોદ, પંકજ પંડિત

શ્રાવણ માસના આગમનને ધ્યાનમાં રાખીને ઝાલોદ પોલીસ દ્વારા શહેર અને આસપાસના વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે શહેરના ખાંટવાડા વિસ્તાર તેમજ ટીટોડી નદીના કિનારે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ગંજીપત્તા વડે હારજીતનો જુગાર રમતા ઈસમો સામે કડક કાર્યવાહી કરી હતી.

પ્રથમ દરોડામાં ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળું વળી જુગાર રમતા ચાર ઈસમોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રોકડ રકમ, જુગારમાં ઉપયોગમાં લેવાતા પર પત્તા સહિત કુલ રૂ. 2,970નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.



ત્યારબાદ પોલીસે બીજી બાતમીના આધારે ટીટોડી નદીના કિનારે દરોડો પાડ્યો હતો. પોલીસને જોતા કેટલાક જુગારીઓ નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જેમાંથી ત્રણને ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે એક વ્યક્તિ અંધારાનો અને ઝાડી-ઝાંખરાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. આ કાર્યવાહી દરમિયાન રોકડ રકમ, બે મોબાઈલ ફોન અને જુગારમાં ઉપયોગમાં લેવાતા પત્તા મળી કુલ રૂ. 22,650નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બંને દરોડામાં મળી કુલ સાત જુગારીઓની ધરપકડ, એક આરોપી ફરાર, તેમજ રૂ. 25,620નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તમામ આરોપીઓ સામે ગુજરાત જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક વાતાવરણ જળવાઈ રહે અને શહેરમાં ગેરકાયદેસર જુગાર જેવી પ્રવૃત્તિઓ પર અંકુશ આવે તે માટે ઝાલોદ પોલીસ દ્વારા આવી કાર્યવાહી આગામી દિવસોમાં પણ યથાવત્ રહેશે તેવી માહિતી પોલીસ સૂત્રોમાંથી જાણવા મળી છે.

## સુરત ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા: ભેસ્તાનના સતીષ મરાઠા મર્ડર કેસનો ભેદ ઉકેલાયો, પિસ્તોલ-તમંચા સાથે 8 ઝડપાયા

સુરત

સુરતના ભેસ્તાન વિસ્તારમાં બનેલા ચર્ચાસ્પદ સતીષ મરાઠા હત્યા કેસમાં સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે સપાટો બોલાવીને મોટી સફળતા મેળવી છે. પોલીસે ગણતરીના દિવસોમાં જ હત્યાનો ભેદ ઉકેલી નાખી આ ગુનામાં સંડોવાયેલા ૪ આરોપીઓ તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા ૪ સગીરો મળી કુલ ૮ જણાને દબોચી લીધા છે. સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી આરોપીઓને દેશી બનાવટની પિસ્તોલ અને તમંચા જેવા ઘાતક હથિયારો સાથે ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જૂની અદાવત અથવા અંગત મનદુઃખને કારણે આ ક્રૂર હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હોવાનું સામે આવી રહ્યું છે. હત્યાની ઘટના બનતા જ સુરત શહેર પોલીસ હરકતમાં આવી હતી અને અલગ-અલગ ટીમો બનાવી તપાસ ધમધમાવી હતી. આરોપીઓએ ગુનો આચર્યા બાદ ભાગી જવાનો પ્લાન બનાવ્યો હતો.

## માણાવદરમાં જલારામ વેબ્રિજ પાસે ખુલ્લી ગટરમાં બાઇક ખાબકતા બાળકો સહિત પરિવાર ઇજાગ્રસ્ત: સ્થાનિકોમાં નગરપાલિકા સામે ભારે રોષ

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદરમાં લાયન્સ સ્કૂલના વળાંક નજીક જલારામ વેબ્રિજ પાસે સંરક્ષણ દીવાલ (પાળી) વગરની ખુલ્લી ગટરમાં એક જ પરિવારના સભ્યો બાઈક સાથે ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો છે. પિતા પોતાના ત્રણ બાળકોને બાઈક પર સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતા તે દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. ખુલ્લી ગટરના કારણે સર્જાયેલા આ અકસ્માતમાં પરિવારના બે સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે ૨ થી ૩ બાળકોને નાની-મોટી ઈજાઓ થઈ છે. ઘટના બનતા જ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે માણાવદર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

અકસ્માત સમયે નજીકમાં જ ટ્રક રિપેર કરાવી રહેલા ભરત ઓડેદરાએ સરાહનીય કામગીરી દર્શાવી હતી. તેમણે નજર સામે જ બે નાની વિદ્યાર્થીનીઓ, એક નાનો છોકરો અને તેમના પિતાને બાઈક સાથે ગટરમાં પડતા જોયા હતા. તેમણે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તુરંત જ ગટરમાં કૂદીને બંને વિદ્યાર્થીનીઓ સહિત બાળકોને સુરક્ષિત બહાર કાઢી તેમનો જીવ બચાવ્યો હતો. આ ઘટના બાદ સ્થાનિકોએ પણ નગરપાલિકાની ગંભીર બેદરકારી સામે અવાજ ઉઠાવ્યો છે.

પીડિત પરિવારના સીમાબેન વાઘેલા અને કુમનભાઈ સોલંકીએ ભારે હૈયે જણાવ્યું હતું કે તેઓ ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે અને મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. અચાનક બનેલી આ ઘટનામાં તેમની પુત્રી, જમાઈ અને બાળકો ઈજાગ્રસ્ત થતાં પરિવાર આર્થિક રીતે મૂંજવણમાં મુકાયો છે.





### હુમા કુરૈશી લગ્નની વાતને લઈને કરી સ્પષ્ટતા

# લગ્ન થવાના હશે ત્યારે થઈ જશે, મારી પાસે કરવા માટે ઘણા બધા કામ: હુમા

મુંબઈ

હુમા કુરૈશીએ પોતાની ફિલ્મ કેરિયરમાં એકથી એક ચડિયાતી ફિલ્મો કરીને સફળતા મેળવી છે. એના દરેક પાત્ર ખૂબ જ યુનિક રહ્યા છે અને પાત્રમાં તેની એક્ટિંગના વખાણ ફેન્સ કરી રહ્યા છે. ઈમાનદારીથી દરેક પાત્ર સાથે ન્યાય કરીને હુમા કુરૈશી હંમેશાં પોતાની એક્ટિંગને કારણે ચર્ચામાં રહી છે.એક્ટ્રેસના ડેડિકેશન, કમિન્ટમેન્ટ અને એક્સપ્રેશનની દરેક પાસામાં ચર્ચા થઈ રહી છે. એ પછી ફિલ્મ 'ગૅંગ ઓફ વાસેપુર' હોય કે વેબસિરીઝ 'મહારાણી'. દરેક ફિલ્મી પ્રોજેક્ટમાં તેની પ્રેઝન્સ ખૂબ પર અસરકારક રહી છે. પોતાની પર્સનલ લાઈફમાં તે હજુ સુધી સિંગલ રહી છે. તાજેતરમાં આપેલી એક ખાસ મુલાકાતમાં કુરૈશીએ પોતાની અંગત જિંદગી સાથે જોડાયેલી વાત શૅર કરી હતી. લગ્નના વિષય પર તેણે રિએક્ટ કરતા વાત કરી હતી કે, મારા માતાનો પણ આ જ સવાલ હોય છે, આનો મારી પાસે અત્યારે કોઈ જવાબ નથી. જ્યારે લગ્ન થવાના હશે ત્યારે થઈ જશે. મારી પાસે કરવા માટે ઘણા બધા કામ છે. આ વર્ષ હું ખૂબ જ વ્યસ્ત છું અને હાલના સમયમાં મારા કામ પર જ ફોક્સ કરી રહી છું. હુમા હાલમાં 40 વર્ષની છે અને 14 વર્ષથી બોલીવુડ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે. આ દરમિયાન એનું નામ રચિત સિંહ સાથે ચર્ચામાં રહ્યું હતું. રચિત સિંહ એક એક્ટિંગ કોચ છે. આ અફવાનું ખંડન કરતા હુમાએ જવાબ આપ્યો હતો. આ નામને ફગાવી દીધુ અને સ્પષ્ટતા જરૂરી કરી દીધી હતી. હવે એક્ટ્રેસ નવી વેબસિરીઝ મહારાણીની નવી સિરીઝમાં જોવા મળશે. આ માટેનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે. હાલમાં એ શેડ્યુલ કેટલો રહ્યો અને ક્યાં સુધીનું કામ પૂર્ણ થયું એ અંગે ખાસ કોઈ વિગત નથી પણ આ સિરીઝમાં તે એક નવા અંદાજમાં જોવા મળશે. આ સિરીઝ આગામી વર્ષે સ્ટ્રિમ થઈ શકે છે.આ સિવાય તે યશની નવી ફિલ્મ ટોક્સિમાં જોવા મળવાની છે. અહીંયા પણ તેનો રોલ અત્યાર સુધીના પાત્ર કરતા સૌથી અલગ રહેવાનો છે. આ ઉપરાંત પૂજા મેરી જાન અને ગુલાબી જેવા ફિલ્મી પ્રોજેક્ટ ઉપર પણ કામ કરી રહી છે. આ વિશે હાલમાં તો કોઈ અપડેટ આપી નથી પણ આવનારા દિવસોમાં આ બન્ને પ્રોજેક્ટમાં તેનો રોલ એક પાયોનિયર હોવાનું માનવામાં આવે છે.

**હુમા 14 વર્ષથી બોલીવુડ ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે**

# નિકિતા પોરવાલ ભારત માટે ઇતિહાસ રચશે?

### આ પહેલા પ્રિયંકા ચોપરા, માનુષી છિલ્લર જેવી સફળ મોડલ પણ આ વિશ્વકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે



મુંબઈ

મુંબઈઃ વૈશ્વિકમંચ પર ભારતને ગૌરવ અપાવનાર માત્ર ખેલાડીઓ જ નહીં પણ ઘણી એવી સુંદરીઓ પણ છે જેને દુનિયાભરમાં ભારતનો ડંકો વગાડી દીધો છે. ફિટનેસ મોડલથી લઈને મોડલિંગ સુધીના ક્ષેત્રમાં આ યુવા ગર્લ્સે ભારતને ગૌરવ અપાવ્યું છે.

ફરી એકવાર હવે મિસ વર્લ્ડ પેજન્ટમાં ભારતને રિપ્રેઝન્ટ કરવા માટે નિકિતા પોરવાલ જઈ રહી છે. આ પહેલા પ્રિયંકા ચોપરા, માનુષી છિલ્લર જેવી સફળ મોડલ પણ આ વિશ્વકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. હવે મિસવર્લ્ડ 2026ની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં હવે ભારતમાંથી નિકિતા પોરવાલનું નામ ચર્ચામાં છે. મિસ વર્લ્ડ પેજન્ટ 2026માં ભારતનું પ્રતિનિધિત્વ નિકિતા પોરવાલ કરી રહી છે. આ માટેની તૈયારીઓ પણ તેણે શરૂ કરી દીધી છે. તાજેતરમાં તેણે આપેલી એક ખાસ મુલાકાતમાં કહ્યું હતું કે આ સ્પર્ધા માટે ઘણા સમયથી મહેનત કરી રહી છું. દરરોજ કંઈક નવું શીખી રહી છું. ફિટનેસ, કમ્યુનિકેશન, રેમ્પ વૉક અને ઈન્ટરવ્યૂ માટેની તૈયારીઓ માટે હું મારી જાતને માનસિક રીતે ફીટ કરી રહી છું. મારો ટાર્ગેટ માત્ર બેસ્ટ પર્ફોમ કરવાનો નથી પણ દુનિયા સામે ભારતને સંપૂર્ણ રીતે રજૂ કરીને ગર્વ અપાવવાનો છે. ઈમાનદારીથી તેને રજૂ કરવાનો છે.આ એક એવો અહેસાસ છે જેને સંપૂર્ણ રીતે શબ્દોમાં વ્યક્ત કરી શકાય એમ નથી. જ્યારે તમારા નામની સાથે ઈન્ડિયા લખેલું જોડાય જાય છે ત્યારે માત્ર તે એક ફેશન નથી પણ કરોડો લોકોની નજર તમારા પર હોય છે. લોકોને તમારા પર એક વિશ્વાસ હોય છે. હું ઉત્સાહી તો છું જ પણ સાથે સાથે ભાવુક પણ છું.

# સંજીદા શેખ-હર્ષવર્ધન રાણેએ રિલેશનશિપ કન્ફર્મ કર્યું!

### 'હીરામંડી: ધ ડાયમંડ બજાર' ફેમ એક્ટ્રેસ સંજીદા વેકેશનની તસવીરોથી હર્ષવર્ધન સાથેના સંબંધોનો સંકેત આપ્યો છે

મુંબઈ

'હીરામંડી: ધ ડાયમંડ બજાર' ફેમ એક્ટ્રેસ સંજીદા શેખે પુણે વેકેશનની તસવીરોથી હર્ષવર્ધન રાણે સાથેના સંબંધોનો સંકેત આપ્યો છે. ખરેખર, થોડા સમય પહેલા જ સંજીદાએ પુણેના એક આઉટસ્કર્ટ રિસોર્ટની તસવીરો પોસ્ટ કરી હતી. તેમણે શેર કરેલી તસવીરોનું બેકગ્રાઉન્ડ એ જ હતું, જ્યાંથી હર્ષવર્ધન રાણેએ પણ તસવીરો પોસ્ટ કરી હતી. હર્ષવર્ધને પોતાની પોસ્ટમાં ઘણી વધુ તસવીરો પણ પોસ્ટ કરી હતી. આ તસવીરો પુણેના વિન્ડ્સ ઓવર વોટરના કેબિનની છે. બંનેએ એક જ લોકેશનની તસવીરો શેર કરી હતી, પરંતુ કોઈ પણ તસવીરમાં સાથે જોવા મળ્યા ન હતા. તસવીરો પછીથી જ બંનેની ડેટિંગની ખબરો તેજ બની ગઈ છે. બંનેની પોસ્ટમાં પણ ફેન્સ રિલેશનશિપ પર સવાલ કરી રહ્યા છે. સંજીદા શેખે વર્ષ 2020ની ફિલ્મ 'તૈશ'માં હર્ષવર્ધન રાણે સાથે કામ કર્યું હતું. ફિલ્મ રિલીઝ થયા બાદથી જ બંનેના ડેટિંગના સમાચાર ચર્ચામાં રહ્યા છે. આ પહેલા પણ બંને જંગલ સફારીના એક સરખા બેકગ્રાઉન્ડવાળી તસવીરોથી ચર્ચામાં રહી ચૂક્યા છે. નોંધનીય છે કે 'હીરામંડી: ધ ડાયમંડ બજાર' ફેમ એક્ટ્રેસ સંજીદા શેખે પુણે વેકેશનની તસવીરોથી હર્ષવર્ધન રાણે સાથેના સંબંધોનો સંકેત આપ્યો છે. ખરેખર, થોડા સમય પહેલા જ સંજીદાએ પુણેના એક આઉટસ્કર્ટ રિસોર્ટની તસવીરો પોસ્ટ કરી હતી. તેમણે શેર કરેલી તસવીરોનું બેકગ્રાઉન્ડ એ જ હતું, જ્યાંથી હર્ષવર્ધન રાણેએ પણ તસવીરો પોસ્ટ કરી હતી. હર્ષવર્ધને પોતાની પોસ્ટમાં ઘણી વધુ તસવીરો પણ પોસ્ટ કરી હતી. આ તસવીરો પુણેના વિન્ડ્સ ઓવર વોટરના કેબિનની છે. બંનેએ એક જ લોકેશનની તસવીરો શેર કરી હતી, પરંતુ કોઈ પણ તસવીરમાં સાથે જોવા મળ્યા ન હતા. તસવીરો પછીથી જ બંનેની ડેટિંગની ખબરો તેજ બની ગઈ છે. બંનેની પોસ્ટમાં પણ ફેન્સ રિલેશનશિપ પર સવાલ કરી રહ્યા છે.







# ગોલમાલ 5ની રિલીઝ ડેટમાં ફેરફાર: હવે ડિસેમ્બરમાં રિલીઝ કરાશે

### 'રેંજર'ના બદલે હવે રોહિત શેટ્ટીની ફિલ્મ 'ગોલમાલ-5' રિલીઝ થઈ જશે, અજય દેવગનની ફિલ્મ રેંજર હાલમાં પોસ્ટપોન થઈ

મુંબઈ

રોહિત શેટ્ટીની નવી ફિલ્મ 'ગોલમાલ-5'ની રિલીઝ ડેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફિલ્મને હવે ડિસેમ્બરના પહેલા જ અઠવાડિયામાં રિલીઝ કરી દેવામાં આવશે. આ વખતેની આ ફિલ્મમાં અલગ પ્રકારની કોમેડી હોવાનો મેકર્સે દાવો કર્યો છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની હતી એના બદલે હવે ડિસેમ્બર મહિનામાં જ રિલીઝ કરી દેવામાં આવશે. રિપોર્ટ એવા મળી રહ્યા છે કે અજય દેવગનની ફિલ્મ 'રેંજર' આ વર્ષે ડિસેમ્બરમાં રિલીઝ થવાની હતી પણ હવે તેમા ફેરફાર કરવામાં આવ્યા છે. 'રેંજર'ના બદલે હવે રોહિત શેટ્ટીની ફિલ્મ 'ગોલમાલ-5' રિલીઝ થઈ જશે. આ ડિસેમ્બર મહિનામાં પ્રભાસની ફિલ્મ 'ફૌજી' અને અક્ષય કુમારની એક ફિલ્મ રિલીઝ થવાની છે. અક્ષય કુમારની ફિલ્મનું નામ સામે આવ્યું નથી. આ ત્રણેય ફિલ્મ સાથે ક્લેશ થઈ શકે છે. અજય દેવગનની ફિલ્મ રેંજર હાલમાં પોસ્ટપોન થઈ હોવાનું જાણવા મળ્યું છે.

જોકે, 'ગોલમાલ 5' ના નિર્માતાઓએ હજુ સુધી રિલીઝ તારીખની સત્તાવાર જાહેરાત કરી નથી. અહેવાલ મુજબ, અજયે 'રેંજર' 2027 સુધી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે, અને 'ગોલમાલ 5' ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં રિલીઝ થવાની છે. અક્ષય કુમારની અનીસ બઝમી સાથેની આગામી ફિલ્મ પણ તે જ તારીખે રિલીઝ થવાની છે. તેથી, જો 'ગોલમાલ 5' તા.4 ડિસેમ્બરે રિલીઝ થવાના અહેવાલો સાચા સાબિત થાય છે, તો તેના પરિણામે બોક્સ ઓફિસ પર 'અક્ષય વિરુદ્ધ અક્ષય' ટક્કર થશે. અક્ષયની બે ફિલ્મ એકસાથે થિયેટર્સમાં આવી જશે. એક જ કલાકારની બે ફિલ્મો આવતા હવે એક જ વ્યક્તિ વચ્ચે બે ફિલ્મોની ટક્કર જોવા મળશે. બની શકે છે આ ફિલ્મને લઈને મેકર્સ ડેટમાં કેટલાક ફેરફાર કરી શકે છે. રિપોર્ટ એવા છે કે,રોહિત શેટ્ટીની ગોલમાલ ફિલ્મમાં અજયની સાથે હવે અક્ષય કુમારની એન્ટ્રી થઈ રહી છે. આ માહોલ વચ્ચે પ્રભાસની ફૌજી બાજી મારી જાય તો નવાઈ નહીં, કારણ કે, આ ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરી દેવામાં આવ્યું છે.

# બિરલા સ્ટુડિયોઝ અને નીલમ સ્ટુડિયોઝે તેમની આગામી ફિલ્મ 'મક્કલ કાવલન'ની જાહેરાત કરી

મુંબઈ

બાઈસન કાલામાદનની શાનદાર થિયેટર સફળતા બાદ બિરલા સ્ટુડિયોઝ અને નીલમ સ્ટુડિયોઝે તેમની સર્જનાત્મક ભાગીદારીની આગામી ફિલ્મ 'મક્કલ કાવલન'ની જાહેરાત કરી છે. મક્કલ કાવલન એક એક્શન-ડ્રામા ફિલ્મ છે, જે મોટા પડદા માટે બિરલા સ્ટુડિયોઝની મહત્ત્વાકાંક્ષા અને ભાવનાત્મક રીતે અસરકારક, સામાજિક મુદ્દાઓ સાથે જોડાયેલી તેમજ સંપૂર્ણ સિનેમેટિક કહાણીઓ રજૂ કરવાની નીલમ સ્ટુડિયોઝની વિચારસરણીને એકસાથે લઈને આવે છે. આ ફિલ્મ કે. મણિકંદનની આગામી ફિલ્મ પણ છે. ગુડ નાઈટ, લવર અને કુટુંબસ્થાન જેવી વ્યાવસાયિક રીતે સફળ ફિલ્મો બાદ મણિકંદને પોતાને તમિલ સિનેમાના સૌથી વિશ્વસનીય અને લોકપ્રિય મુખ્ય અભિનેતાઓમાં સ્થાન અપાવ્યું છે. મક્કલ કાવલન સાથે તેઓ પહેલીવાર એક એક્શન-ડ્રામા ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. સંતોષ કુમાર દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત મક્કલ કાવલન એક એવા સામાન્ય માણસની કહાની છે, જે માત્ર સન્માન સાથે જીવન જીવવા માંગે છે. પરંતુ જ્યારે ભ્રષ્ટ વ્યવસ્થા તેની સામે માત્ર બે રસ્તા છોડે છે–નમવું કે લડવું–ત્યારે તેનું જીવન સંપૂર્ણપણે બદલાઈ જાય છે. પોતાના અસ્તિત્વ માટેની તેની લડત ધીમે-ધીમે એક મોટા જનઆંદોલનમાં ફેરવાઈ જાય છે અને તે એવા નેતા તરીકે ઉભરી આવે છે, જે ક્યારેય નેતા બનવા માંગતો જ નહોતો. જેમ જેમ સંઘર્ષ વધુ ઉગ્ર બનતો જાય છે, તેમ તેમ તેની કિંમત પણ વધતી જાય છે અને એક સામાન્ય માણસ તથા લોકોના રક્ષક વચ્ચેનો ભેદ ધીમે-ધીમે મટી જાય છે. ફિલ્મમાં કે. મણિકંદન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે વાગઈ ચંદ્રશેખર, એ. વેંકટેશ, આર.કે. વિજયમુરુગન, શણમુગમ મુથુસામી, સાબુમોન, ઉન્ની માયા, દિવ્યા શ્રીપદા, જેનસન ધિવાકર, લલ્લૂ, જેમિની મણિ અને રઘુ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.



### બ્લિટ્ઝના એક રાઉન્ડ બાકી રહેતા ખિતાબ જીત્યો; રેપિડમાં પણ ટોચ પર હતા

# આર પ્રજ્ઞાનંદ બન્યા સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ચેમ્પિયન

દુબઈ

ભારતના ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ અમેરિકાના સેન્ટ લુઈસમાં રમાયેલી ગ્રાન્ડ ચેસ ટૂર (GCT)ની સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ટુર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો છે. 20 વર્ષીય પ્રજ્ઞાનંદાએ પેનલ્ટિમેટ (બીજા છેલ્લા) રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનના જાવોહિર સિંદારોવ સામેની મેચ ડ્રો કરીને એક રાઉન્ડ બાકી રહેતા જ ખિતાબ પોતાના નામે કરી લીધો હતો. તેણે 35માંથી 23 પોઈન્ટ મેળવ્યા અને બીજા સ્થાને રહેલા ખેલાડી કરતાં 1.5 પોઈન્ટ આગળ રહીને તેની કારકિર્દીનો પ્રથમ ગ્રાન્ડ ચેસ ટૂર રેપિડ એન્ડ બ્લિટ્ઝ ખિતાબ જીત્યો. ટુર્નામેન્ટમાં પ્રજ્ઞાનંદાએ શરૂઆતથી જ સતત શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે રેપિડ અને બ્લિટ્ઝ બંને ફોર્મેટમાં લીડ જાળવી રાખી હતી. છેલ્લા રાઉન્ડ પહેલા તેની લીડ એટલી મજબૂત બની ગઈ હતી કે અંતિમ મેચનું પરિણામ તેના ચેમ્પિયન બનવા પર કોઈ



અસર કરી શક્યું ન હતું. ચેસબેઝ ઈન્ડિયાએ માહિતી આપી ચેસબેઝ ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પ્રજ્ઞાનંદની આ સિદ્ધિની માહિતી શેર કરી. સંસ્થા અનુસાર, આ તેમના કરિયરનો પહેલો ગ્રાન્ડ ચેસ ટૂર રેપિડ એન્ડ બ્લિટ્ઝ ખિતાબ છે. એક રાઉન્ડ બાકી રહેતા જ તેમણે ટૂર્નામેન્ટ પોતાના નામે કરી લીધી.

પ્રજ્ઞાનંદ શાનદાર ફોર્મમાં છે. આ પહેલા જૂન 2026માં તેમણે નોર્વે ચેસનો ખિતાબ પણ જીત્યો હતો. ઓસ્લોમાં રમાયેલી ટૂર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં તેમણે જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી હતી. તેમણે અંતિમ રાઉન્ડમાં સતત ચાર ક્લાસિકલ મુકાબલા જીતીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. તમિલનાડુ સરકારે કર્યા હતા સન્માનિત નોર્વે ચેસ જીત્યા પછી તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ચેન્નઈ સ્થિત મુખ્ય સચિવાલયમાં પ્રજ્ઞાનંદને સન્માનિત કર્યા હતા. સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ તમિલનાડુ (SDAT) તરફથી તેમને 50 લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. આ દરમિયાન મુખ્યમંત્રીએ તેમની સાથે શતરંજની કેટલીક ચાલ પણ ચાલી હતી. તમિલનાડુના ચેન્નઈના રહેવાસી આર પ્રજ્ઞાનંદનો જન્મ 10 ઓગસ્ટ 2005ના રોજ થયો હતો.

## ટીમ ઈન્ડિયામાં 'VIP ફિટનેસ કલ્ચર' ખતમ!: BCCIનું કડક વલણ

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ માટે ફિટનેસ ટેસ્ટ પાસ કરવો હવે પહેલા કરતા વધુ મુશ્કેલ બની ગયો છે. આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ પર ટીમના ખરાબ પ્રદર્શન બાદ BCCIએ ફિટનેસ પેરામીટર્સને વધુ પડકારજનક બનાવવાનો નિર્ણય કર્યો છે. ભારતીય ખેલાડીઓને પોતાની ફિટનેસ સાબિત કરવા માટે બે પ્રકારના ટેસ્ટમાંથી પસાર થવું પડે છે. જેમાં એક બ્રોન્કો ટેસ્ટ અને બીજી 2 કિલોમીટરની દોડ છે. બ્રોન્કો ટેસ્ટ માટે પહેલા 6 મિનિટનો સમય મળતો હતો. હવે તેને 5 મિનિટ 15 સેકન્ડથી લઈને 5 મિનિટ 20 સેકન્ડમાં પૂરો કરવો પડશે. તેના તરત જ બાદ 2 કિલોમીટરની દોડ 9થી 10 મિનિટમાં પૂરી કરવી પડશે. બ્રોન્કો ટેસ્ટમાં પાંચ સેટ હોય છે. દરેક સેટમાં ખેલાડીઓએ 20 મીટર અપ-ડાઉન, 40 મીટર અપ-ડાઉન અને 60 મીટર અપ-ડાઉનની દોડ લગાવવી પડે છે. એટલે કે, એક સેટમાં કુલ 240 મીટર દોડવું પડે છે. આખા ટેસ્ટમાં આવા પાંચ સેટ લગાવવાના હોય છે. સેટની વચ્ચે કોઈ બ્રેક હોતો નથી. પહેલા આખા ટેસ્ટ માટે 6 મિનિટનો સમય હતો. હવે તેમાં 40 સેકન્ડ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. બ્રોન્કો ટેસ્ટ ઉપરાંત ખેલાડીઓએ 2 કિલોમીટરની રનિંગ પણ કરવી પડે છે. પહેલા આ એક સ્ટેન્ડ અલોન ટેસ્ટ હતો. એટલે કે, તેને બ્રોન્કો સાથે લેવામાં આવતો ન હતો.

### અજિંક્ય રહાણેનું દર્દ છલકાયું

## 'પાણી પીવડાવવામાં કંઈ ખોટું નથી, ટેસ્ટ ડેબ્યૂ માટે 2 વર્ષ રાહ જોઈ..'

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી અને પૂર્વ બેટર અજિંક્ય રહાણેએ પોતાની કારકિર્દીના સૌથી મુશ્કેલ તબક્કાને યાદ કર્યો છે. તેણે જણાવ્યું હતું કે, ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવ્યા છતાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવા માટે લગભગ બે વર્ષ અને 20 ટેસ્ટ મેચ સુધી રાહ જોવી પડી હતી. આ દરમિયાન અજિંક્ય રહાણે ટીમમાં 12મા ખેલાડી તરીકે ભૂમિકા ભજવી હતી. સહાનુભૂતિ મેળવવા કરતાં સકારાત્મક અભિગમ પસંદ કર્યો અજિંક્ય રહાણેએ ઓગસ્ટ 2011માં મર્યાદિત ઓવર ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ ટેસ્ટ ટીમમાં સમાવેશ થવા છતાં પ્લેઈંગ ઈલેવનના દરવાજા તરત ખુલ્યા



નહોતા. યુટ્યુબ ચેનલ પર વાત કરતા રહાણેએ જણાવ્યું હતું કે, '2011માં જ્યારે હું ટીમમાં આવ્યો ત્યારે પહેલા બે વર્ષ ખૂબ જ પડકારજનક હતા. મારે 20 મેચ રાહ જોવી પડી. તે સમયે મારી પાસે બે વિકલ્પો હતા: કાં તો હું પોતાની પરિસ્થિતિ પર સહાનુભૂતિ મેળવી શકું અથવા પોતાને સુધારવાનો પ્રયાસ કરું. મેં સકારાત્મક રસ્તો પસંદ કર્યો. 12મો ખેલાડી બનવામાં, સાથી ખેલાડીઓને પાણી પીવડાવવામાં કે મદદ કરવામાં કંઈ ખોટું નથી.' સિન્સિયર ખેલાડીઓ પાસેથી શીખવાનો મોકો મળ્યો સિનિયર ખેલાડી અંગે અજિંક્ય રહાણેએ જણાવ્યું કે, 'ડ્રેસિંગ રૂમમાં અને મેદાન પર સિનિયર ખેલાડીઓને નજીકથી રમતા જોવા અને તેમનું નિરીક્ષણ કરવાથી તેની રમત પ્રત્યેની માનસિકતા બદલાઈ ગઈ.

## ટેસ્ટ સીરિઝ પહેલાં ગિલ ઈજાગ્રસ્તઃ BCCI ટેન્શનમાં

### 15 ઓગસ્ટથી શરૂ થતી ટેસ્ટ સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયા માટે આ ચિંતાનો વિષય બન્યો

મુંબઈ

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની ફિટનેસ ચિંતાનું એક નવું કારણ બની ગયું છે. T20, વનડે હોય કે ટેસ્ટ ટીમ, અનેક ખેલાડીઓ વારંવાર ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે. તેવામાં ટેસ્ટ સીરિઝ પહેલાં વધુ એક ધુરંધર ખેલાડી ઈજાગ્રસ્ત થતાં BCCIનું ફરી ટેન્શન વધ્યું છે. BCCIનું ફરી ટેન્શન વધ્યું! શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ શરૂ થાય તે પહેલાં કેપ્ટન શુભમન ગિલને પણ ઈજા થઈ છે. રિપોર્ટ મુજબ, કોલંબોમાં વોર્મ-અપ મેચ પહેલા પ્રેક્ટિસ દરમિયાન ગિલના અંગૂઠા પર બે વાર બોલ વાગ્યો હતો, જેના કારણે ટીમ ઈન્ડિયા મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી. ભારત અને શ્રીલંકા વચ્ચે



ટેસ્ટ સીરિઝ 15 ઓગસ્ટથી શરૂ થવાની છે. જેમાં પહેલી મેચ ગૉલમાં રમાશે. જો કે, તે મેચ પહેલા ટીમ ઈન્ડિયા 7થી 9 ઓગસ્ટ વચ્ચે એક વોર્મ-અપ મેચ પણ રમવાની છે. ટીમ આ મેચ માટે કોલંબોના NCC ગ્રાઉન્ડ પર સતત પ્રેક્ટિસ કરી રહી છે. જેમાં 6 ઓગસ્ટે પ્રેક્ટિસ સત્ર દરમિયાન ભારતીય કેપ્ટનને બેટિંગ કરતી વખતે જમણા હાથના અંગૂઠામાં ઈજા પહોંચી હતી. ઈજા બાદ ટીમના મેડિકલ સ્ટાફે તાત્કાલિક ગિલની સારવાર કરી અને તેના અંગૂઠા પર પાટો બાંધ્યો હતો. ત્યારબાદ ગિલે ફરીથી પ્રેક્ટિસ શરૂ કરી હતી. જો કે, બેટિંગ પ્રેક્ટિસ પછી જ્યારે તે અન્ય ખેલાડીઓ સાથે સ્લિપ કેચિંગ પ્રેક્ટિસ કરી રહ્યો હતો, ત્યારે ફરીથી ઈજાગ્રસ્ત અંગૂઠા પર બોલ વાગ્યો હતો. જેમાં ગિલને ગંભીર ઈજા પહોંચી હતી. મેડિકલ ટીમે ફરીથી ગિલની ઈજા તપાસી હતી. આ પછી ગિલે બાકીની પ્રેક્ટિસમાં ભાગ લીધો નહોતો. શું ગિલ પ્રેક્ટિસ મેચમાં ભાગ લઈ શકશે? શુભમન ગિલની ઈજા કેટલી ગંભીર છે તેને લઈને હાલ કોઈ સ્થિતિ સ્પષ્ટ નથી, પરંતુ તેના કારણે ટીમ ઈન્ડિયા ચોક્કસ મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગઈ છે. પહેલી ટેસ્ટ મેચને હજુ એક અઠવાડિયું બાકી છે.



### ન્યૂ મેક્સિકો કોર્ટે 567 મિલિયન ડોલરનો દંડ ફટકાર્યો છે

# મેક્સિકોમાં મેટાને 5000 કરોડનો દંડ ફટાકારાયો

મેક્સિકો સિટી

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરન્ટ કંપની મેટા (Meta) માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાની ન્યૂ મેક્સિકોની એક કોર્ટે કંપની વિરુદ્ધ ચુકાદો આપતા ભારે દંડ ભરવાનો ઓર્ડર આપ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે મેટાના પ્લેટફોર્મ્સ દેશના યુવાનો અને બાળકોને માનસિક રીતે નુકસાન પહોંચાડી રહ્યા હતા, જેની ભરપાઈ હવે કંપનીએ કરવી પડશે. આ કેસના બીજા તબક્કામાં કોર્ટે મેટા પર 567 મિલિયન અમેરિકન ડોલર (આશરે 5,000 કરોડ)નો દંડ ફટકાર્યો છે. આ ચુકાદામાં અમેરિકન કાયદા COPPAનો સંદર્ભ આપવામાં આવ્યો છે. શું છે COPPA કાયદો? કોર્ટે પોતાના



નિર્ણયમાં જણાવ્યું કે અમેરિકાનો 'ચિલ્ડ્રન ઓનલાઈન પ્રાઈવેસી પ્રોટેક્શન એક્ટ' (COPPA) બાળકોની ઓનલાઈન ગોપનીયતા અને સુરક્ષાનું રક્ષણ કરે છે. આ નિયમ હેઠળ મેટા કે અન્ય કોઈ પણ પ્લેટફોર્મ 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની ઉંમર સત્યાપિત કરવા માટે તેમની વ્યક્તિગત માહિતી માંગી શકતું નથી કે તેમની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર ટ્રેકિંગ કરી શકતું નથી. જજ બ્રાયન બ્રેડશાઈડે જાહેર કરેલા ચુકાદા મુજબ, આ વસૂલવામાં આવનારી રકમનો એક મોટો હિસ્સો એટલે કે આશરે 420 મિલિયન ડોલર, (42 કરોડ ડોલર) યુવાનોની સારવાર અને તેમના માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પાછળ ખર્ચ કરવામાં આવશે. જ્યારે બાકીની રકમ આવનારા પાંચ વર્ષમાં જાગૃતિ અભિયાન, નિવારણ કાર્યક્રમો, સ્ક્રીનિંગ સેવાઓ અને તેને લગતા અન્ય ખર્ચાઓ માટે વાપરવામાં આવશે. આ કેસના પ્રથમ તબક્કામાં પણ મેટા પર 375 મિલિયન ડોલરનો સિવિલ દંડ ફટકારવામાં આવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે કંપનીને એ વાતની પૂરી જાણકારી હતી.

### AI જગતમાં થશે મોટી ડીલ

# 35 લોકોની કંપની પર ગૂગલ 13000 કરોડનો વરસાદ કરવા તૈયાર!

### એન્જિનિયરોને Google DeepMind માં સામેલ કરાશે. Google AI કોડિંગ ક્ષમતા સુધારવા અને ટેલેન્ટ મેળવવા આ મોટો દાવ લગાવી રહ્યું છે.

મુંબઈ

ગૂગલ એક એવી સંભવિત ડીલ કરવા જઈ રહ્યું છે, જેનાથી AI સ્પેસમાં ખળભળાટ મચી ગયો છે. 35 લોકોની AI કોડિંગ કંપનીને ગૂગલ 1.5 બિલિયન ડોલર (Billion Dollar) આપવાની તૈયારીમાં છે. પરંતુ શા માટે? ચાલો જાણીએ. ગૂગલ હવે નાના સ્ટાર્ટ અપ પર લગાવશે દાવ AIની દુનિયામાં વર્તમાન સમયમાં કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે. ક્યારેક નવા મોડલ્સની લડાઈ, તો ક્યારેક AI પાસે કોડિંગ કરાવવાની સ્પર્ધા. હવે સૌથી મોટી લડાઈ એવા AI ટૂલ્સની છે, જે જાતે કોડ લખી શકે, એપ બનાવી શકે, અને સોફ્ટવેર ડેવલપમેન્ટનો મોટો હિસ્સો પોતે જ સંભાળી શકે. આ જ રેસમાં આગળ નીકળવા માટે ગૂગલ હવે એક નાના AI સ્ટાર્ટઅપ પર મોટો દાવ લગાવવાની તૈયારીમાં છે. આ સ્ટાર્ટઅપ ગયા વર્ષે એટલે કે 2025 માં જ બન્યું હતું. અહેવાલો મુજબ, Google અમેરિકાના AI કોડિંગ



સ્ટાર્ટઅપ Mechanize સાથે 1.5 બિલિયન ડોલર એટલે કે આશરે 13,000 કરોડ કરતાં વધુની ડીલ પર વાતચીત કરી રહ્યું છે. કેટલાક અહેવાલોમાં 2 બિલિયન ડોલરની પણ વાત છે. રસપ્રદ વાત એ છે કે, આ સ્ટાર્ટઅપમાં માત્ર 35 જેટલા કર્મચારીઓ છે, છતાં ગૂગલ આટલી મોટી રકમ ખર્ચવા તૈયાર છે. આ કોઈ સીધું અધિગ્રહણ (Acquisition) નહીં હોય. અહેવાલ મુજબ ગૂગલ સ્ટાર્ટઅપની AI ટેક્નોલોજીનું લાયસન્સ લેવા માંગે છે, અને સાથે જ તેના ઘણા એન્જિનિયરોને Google DeepMindમાં સામેલ કરવા માંગે છે. એટલે કે કંપની માટે સૌથી મોટી બાબત તેની પ્રોડક્ટ નહીં, પરંતુ ત્યાં કામ કરતા AI એક્સપર્ટ્સ છે.

Mechanizeની શરૂઆત 2025માં થઈ હતી. કંપની AI કોડિંગ એજન્ટ પર કામ કરે છે. તેનો હેતુ એવું AI તૈયાર કરવાનો છે, જે મનુષ્યોની જેમ સોફ્ટવેર એન્જિનિયરિંગના ઘણા કામ પોતે કરી શકે. કંપનીના CEO તમય બેસિરોગ્લુ (Tamay Besiroglu) આ પહેલા AI રિસર્ચ સંસ્થા Epoch AI ના કો-ફાઉન્ડર રહી ચૂક્યા છે. સ્ટાર્ટઅપે અત્યાર સુધી આશરે 9.1 મિલિયન (9.1 Million Dollar) નું ફંડિંગ એકત્ર કર્યું છે, અને છેલ્લી ફંડિંગ દરમિયાન તેનું વેલ્યુએશન આશરે 500 મિલિયન ડોલર (500 Million Dollar) આંકવામાં આવ્યું હતું.

### હાઈકોર્ટે કહ્યું- લેબ તપાસમાં સીસું લિમિટમાં મળ્યું

# મેગી વિવાદમાં દુકાનદારો પર લાગેલા તમામ ક્રિમિનલ કેસ રદ થયા

મુંબઈ

દિલ્હી હાઈકોર્ટે વર્ષ 2015ના મેગી વિવાદમાં દુકાનદારો સામે કરાયેલા તમામ કેસ રદ કરી દીધા છે. આ તમામ ફોજદારી કેસ મેગીમાં લેડ (સીસું) અને મોનોસોડિયમ ગ્લુટામેટ વધુ માત્રામાં મળી આવવાના આરોપો બાદ કરવામાં આવ્યા હતા. જસ્ટિસ મધુ જૈનની બેન્ચે કહ્યું કે જ્યારે સુપ્રીમ કોર્ટ અને સેન્ટ્રલ ફૂડ ટેકનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CFTRI)ની તપાસમાં મેગીના સેમ્પલ સુરક્ષિત મળી આવ્યા છે, ત્યારે દુકાનદારો પર કેસ ચલાવવો તે તેમની સાથે અન્યાય થશે. દિલ્હી હાઈકોર્ટે વર્ષ 2015ના ચર્ચિત મેગી વિવાદમાં દુકાનદારો (રિટેલર્સ અને સપ્લાયર્સ) સામે કરાયેલા



તમામ ફોજદારી કેસ રદ કરી દીધા છે. ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે 2015માં જે દુકાનોમાંથી સેમ્પલ લીધા હતા, તેમના માલિકો પર કેસ ચલાવવામાં આવી રહ્યા હતા. કોર્ટે આ અરજીઓનો નિકાલ કરતા કાનૂની કાર્યવાહી સમાપ્ત કરી દીધી છે. જસ્ટિસ મધુ જૈને કહ્યું કે જ્યારે તપાસનો મૂળ આધાર જ વૈજ્ઞાનિક રીતે સમાપ્ત થઈ ગયો છે, ત્યારે લાંબો ફોજદારી ટ્રાયલ યોગ્ય રહેશે નહીં. કોર્ટ મુજબ, ફૂડ સેફ્ટી એનાલિસ્ટેના પ્રારંભિક રિપોર્ટ સિવાય ભેળસેળનો કોઈ પુરાવો મળ્યો નથી. મે 2015માં દેશભરમાં મેગીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ફૂડ એનાલિસ્ટેના પ્રારંભિક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે મેગીના મસાલા ટેસ્ટમેકરમાં લેડની માત્રા નિર્ધારિત મર્યાદા 2.5 પાર્ટ્સ પર મિલિયન (PPM) કરતાં વધુ હતી. આ ઉપરાંત, પેકેટ પર 'નો એડેડ' મેસેજનો દાવો કરવા છતાં તેમાં મોનોસોડિયમ ગ્લુટામેટ એટલે કે અજિનોમોટો મળવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

## સેન્સેક્સ 456 પોઈન્ટ ઘટીને 78,499 પર બંધ

- **નિફ્ટી 65 પોઈન્ટ નીચે 24,571 પર આવ્યો; બેંકિંગ શેરોમાં વેચવાલી, ઓટોમાં તેજી**

મુંબઈ

આજે એટલે કે શુક્રવાર, 7 ઓગસ્ટે સેન્સેક્સ 455 પોઈન્ટના ઘટાડા સાથે 78,499 પર બંધ થયો. નિફ્ટીમાં 65 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,570ના સ્તરે આવી ગયો છે. આજના કારોબારમાં બેંકિંગ શેરોમાં સૌથી વધુ વેચવાલી રહી, જ્યારે આઈટી અને ઓટો શેરોમાં સૌથી વધુ ખરીદી. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાને બંધ થયા. સેન્સેક્સ 455.59 પોઈન્ટના ઘટાડા સાથે 78,499.17 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 65.35 પોઈન્ટના ઘટાડા સાથે 24,570.65 અંકે બંધ થયો. સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજારમાં નબળાઈ જોવા મળી રહી છે. શરૂઆતની અસ્થિરતા પછી, વેચાણ દબાણ બજારમાં પ્રભુત્વ ધરાવે છે, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટી પણ દબાણ હેઠળ દેખાયો હતો. ક્રૂડ ઓઈલના વધતા ભાવ, નબળા વૈશ્વિક સંકેતો અને કોર્પોરેટ ત્રિમાસિક પરિણામો વચ્ચે રોકાણકારોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાથી રોકાણકારોની ચિંતા વધી છે. બ્રેન્ટ ક્રૂડ $૮૩ પ્રતિ બેરલને પાર કરી જતાં, ભારત જેવા મુખ્ય તેલ આયાત કરતા દેશો પર દબાણ વધવાની ધારણા છે. એશિયન બજારોમાં નબળાઈ અને યુએસ સહિત વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાએ ભારતીય બજારને અસર કરી છે.

ગાંધી આશ્રમ પાછળ સાબરમતી નદીમાં ફીણવાળુ પાણી છોડવામાં આવતું હોવાના સવાલ પર

# સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને અધિકારીનો ગોળગોળ જવાબ




અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના અધિકારી અને ઈજનેર વિભાગના અધિકારીઓ ભાજપના શાસકોને પણ જવાબ આપતા ન હોવા અંગેની ઘટના બની છે.

બે દિવસ પહેલા સાબરમતી નદીમાં ફીણ વાળું પાણી નીકળતું હોવાના વીડિયો સામે આવ્યા હતા. જે વીડિયો બાબતે ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીમાં પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ અધિકારીઓને પૂછવામાં આવતા તેમણે આ બાબતે અમે તપાસ કરીશું એવો જવાબ આપી દીધો હતો.

જો કે ગાંધી આશ્રમની પાછળના ભાગેથી સાબરમતી નદીમાં પાણી ક્યાંથી આવે છે અને કેમ આવું પાણી નીકળ્યું છે તે અંગે ઈજનેર વિભાગના અધિકારીઓને જાણ હોવા છતાં પણ તેમણે ભાજપ નેતા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને યોગ્ય જવાબ આપ્યો નહીં અને તપાસ કરીને કહીશું એવું કહી દેતા અનેક સવાલો ઉભા થયા છે.



## નદીમાં ગંદુ પાણી છોડાતું હોવાનો વીડિયો સામે આવ્યો હતો

શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી ગાંધી આશ્રમની પાછળના ભાગે સાબરમતી નદીમાં દુર્ગંધ અને ફીણ વાળું ગંદુ પાણી છોડવામાં આવતું હોવા અંગેનો વીડિયો સામે આવ્યો હતો. જે વીડિયો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિતના નેતાઓના ધ્યાને આવ્યો હતો. જેથી 6 ઑગસ્ટે ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ બાબતે ડેપ્યુટી પશ્ચિમ ઝોનના મ્યુનિસિપલ કમિશનરને પૂછવામાં આવ્યું હતું. ત્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓએ ગંદુ પાણી ક્યાંથી આવ્યું અને કેમ નીકળે છે. તે અંગે કોઈ જવાબ આપ્યો નહીં અને તપાસ કરીને જણાવીએ છીએ એવું કહી દીધું હતું.

## અધિકારીઓએ કેમ જવાબ ન આપ્યો તેના પર સવાલો

ઉલ્લેખનીય છે કે, ગાંધી આશ્રમની પાછળના ભાગે નદીમાં ગંદુ પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે અને આ ગંદુ પાણી જલવિહાર STP પ્રોજેક્ટનું હોવાથી પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓ પણ જાણે છે, આ જગ્યા ઉપર નદીમાં પાણી છોડવામાં આવતું હોવાનું આઉટલેટ હોવા અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓને જાણ હોવા છતાં પણ તેમણે કેમ જવાબ ન આપ્યો તેના ઉપર અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે. અધિકારીઓ હવે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા પૂછવામાં આવતા સવાલોનો પણ જવાબ આપવાનું ટાળી રહ્યા છે.

# પંજાબી સબ્જી, પિત્ઝા, સેન્ડવીચના ભાવમાં તોતિંગ વધારો કરવામાં આવશે

એનાલોગ પનીર પર પ્રતિબંધથી રસોડાથી લઈને રેસ્ટોરન્ટને અસર, દૂધની માગમાં પણ ઉછાળો

અમદાવાદ

રાજ્ય સરકારે એનાલોગ ચીઝ, પનીર અને બટરના વપરાશ પર મૂકેલા પ્રતિબંધની સીધી અસર હવે ખાણીપીણીના બજેટ પર પડશે. અત્યાર સુધી નાના લારી-ગલ્લાં, કેફે અને ક્લાઉડ કિચનમાં એનાલોગ પનીર-ચીઝ-બટરનો ઉપયોગ થતો હતો, જેના કારણે ગ્રાહકોને વાનગીઓ વ્યાજબી ભાવે મળતી હતી, પરંતુ હવે ફરજિયાત શુદ્ધ 'મિલ્ક પનીર' અને ઓરિજિનલ ચીઝ-બટર વાપરવું ફરજિયાત બનતાં લોકોને દરેક વાનગી પર રૂ. 20થી 60 સુધીનો ભાવવધારો ચૂકવવો પડશે.




પનીર, ચીઝ અને બટરના ઉપયોગથી બનતી પંજાબી સબ્જી, સેન્ડવીચ અને પિત્ઝા મોંઘા થશે. પનીર બટર મસાલા જે અત્યાર સુધી 220 રૂપિયામાં મળતું હતું તે હવે 260 રૂપિયા, જ્યારે 200 રૂપિયાની ચીઝ ક્લબ સેન્ડવીચ વધીને 240 રૂપિયા સુધી પહોંચી જશે તો માર્ગરીટા પિત્ઝાનો ભાવ 150થી 180 સુધી પહોંચી જશે. આમ, અસલી સ્વાદ અને સ્વાસ્થ્ય માટે લોકોએ વધારે પૈસા ખર્ચવા પડશે. દક્ષિણ ગુજરાતમાં આશરે 3,000 હોટેલ-રેસ્ટોરન્ટ અને એકલા સુરત શહેરમાં 5000થી વધુ લારી, ક્લાઉડ કિચન અને નાના આઉટલેટ્સ છે, જ્યાં દૈનિક ટનબંધ ચીઝ-પનીર વપરાય છે.

દક્ષિણ ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના વાઇસ પ્રેસિડેન્ટ સનત રેલિયાએ જણાવ્યું હતું કે, સરકારનો આ નિર્ણય ખૂબ જ આવકારદાયક છે. જે નાના વેપારીઓ કે રેસ્ટોરન્ટ્સ અત્યાર સુધી પોતાની રેસિપી મુજબ એનાલોગ પનીર વાપરતા હતા, તેમને હવે ફરજિયાત મિલ્ક પનીર જ વાપરવું પડશે. જોકે, જે મોટા રેસ્ટોરન્ટ્સ પહેલેથી જ ઓરિજિનલ મિલ્ક પનીર વાપરતા હતા, તેમના ભાવમાં કોઈ ફેરફાર નહીં થાય.

અમદાવાદમાં "Unique Varsharopan"

# Fingertips અને AMCના સંયુક્ત ઉપક્રમે 1 લાખ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન

vઅમદાવાદ



સ્માર્ટ અને ગ્રીન અમદાવાદ તરફ વધુ એક મજબૂત કદમ ઉઠાવતા 'Fingertips Data Intelligence Solution' અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સંયુક્ત ઉપક્રમે 'Unique Varsharopan - ૧ લાખ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન' લોન્ચ કરવામાં આવી રહ્યું છે. ૧૦ ઓગસ્ટના રોજ લૉ ગાર્ડન સ્થિત હેપ્પી સ્ટ્રીટ ખાતે યોજાનારા આ ભવ્ય કાર્યક્રમમાં બાયોડિગ્રેડેબલ પેન પહેલનું પણ અનોખું લોન્ચિંગ કરવામાં આવશે.

પર્યાવરણ જાગૃતિ અને ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપતા આ મહાઅભિયાનમાં શહેરના અગ્રણી નેતાઓ અને અધિકારીઓ હાજરી આપશે. AMC મેયરશ્રી હિતેશ કાંતિલાલ બારોટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી કમલેશભાઈ પટેલ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની (IAS).

પર્યાવરણ પ્રત્યે યુવાનોમાં જાગૃતિ ફેલાવતા પસંદગીના Gen Z ક્રિએટર્સ અને ઈન્ફ્લુએન્સર્સને AMC ના મહાનુભાવો દ્વારા પ્રશંસાપત્ર આપી 'ગ્રીન એમ્બેસેડર' તરીકે સન્માનિત કરવામાં આવશે.

આ માત્ર વૃક્ષારોપણનો કાર્યક્રમ નથી, પરંતુ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા બાયોડિગ્રેડેબલ પેન જેવા પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવા અને સમગ્ર અમદાવાદને હરિયાળું બનાવવાનું એક દીર્ઘકાલીન જનઆંદોલન છે. કાર્યક્રમમાં શહેરના નાગરિકો, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ગૃહો, પર્યાવરણપ્રેમીઓ અને ડિજિટલ મીડિયા આર્ટીસ્ટો મોટી સંખ્યામાં જોડાશે.

# BRTS બસમાં મુસાફરી કરતાં CISFના મહિલા હેડ કોન્સ્ટેબલના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર ચોરાયું

અમદાવાદ

અમદાવાદમાં BRTS બસમાં મુસાફરી કરતી CISFના હેડ કોન્સ્ટેબલ ભાવનાબહેન શિંદેના ગળામાંથી 1 લાખ રૂપિયાનું મંગળસૂત્ર ચોરાઈ ગયું. શિવરંજનીથી રામોલ એક્સપ્રેસ હાઈવે રૂટ પર બસમાં ભીડનો લાભ ઉઠાવી તસ્કરે આ ચોરી કરી. રામોલ બસ સ્ટોપ પર ઉતર્યા બાદ તેમને મંગળસૂત્ર ગાયબ હોવાનું જાણવા મળ્યું. રામોલ પોલીસે અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. BRTS બસમાં મુસાફરી કરતા લોકો માટે લાલબત્તી સમાન ચોરીની એક ઘટના સામે આવી છે. જેમાં શિવરંજનીથી રામોલ એક્સપ્રેસ હાઈવે રૂટ પર બસમાં ભીડનો લાભ ઉઠાવીને ચોરે ઈસરો ખાતે CISFમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહિલાકર્મીના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર કાઢી લીધું હતું. આ મામલે મહિલા પોલીસકર્મીએ ચોરી થવા અંગે રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર, રામદેવનગર રોડ પર આવેલી એક સોસાયટીમાં રહેતા 40 વર્ષીય ભાવનાબહેન શિંદે ઈસરો ખાતે CISFમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. છઠ્ઠી જુલાઈના રોજ બપોરે તે શિવરંજની BRTS બસ સ્ટોપથી બસમાં બેસીને સીટીએમ એક્સપ્રેસ હાઈવે તરફ જવા નીકળ્યા હતા. બપોરે પોણા ત્રણેક વાગ્યે તેઓ રામોલ એક્સપ્રેસ હાઈવે BRTS બસ સ્ટોપ પર ઉતર્યા હતા. બસમાંથી ઉતરીને તેઓ બરોડા જવા માટે એક્સપ્રેસ હાઈવેના નાકે પહોંચ્યા, ત્યારે તેમના ગળામાં પહેરેલું અંદાજે એક તોલાનું (1 લાખ રૂપિયાની કિંમતનું) સોનાનું મંગળસૂત્ર ગાયબ હોવાનું જણાયું હતું.

લાંચિયા અફસરો સાવધાન!

# અમદાવાદના ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે 35 હજારની લાંચ લેતા ACBની ટ્રેપમાં રંગેહાથ ઝડપાયા

અમદાવાદ

તંત્રમાં ઘર કરી ગયેલા ભ્રષ્ટાચારના રાક્ષસ પર એન્ટિ-કરપ્શન બ્યૂરો (ACB)એ ફરી એકવાર મોટો પ્રહાર કર્યો છે. મોતના મુખમાંથી લોકોને બચાવવાની જવાબદારી જેમના શિરે છે, તેવા અમદાવાદના ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે ખુદ લાંચના દલદલમાં હોમાઈ ગયા છે. રૂ. ૩૫,૦૦૦ની નજીવી રકમની લાંચ લેતા ચીફ ફાયર ઓફિસર ACBની હાઈ-વોલ્ટેજ ટ્રેપમાં આબાદ આબેહૂબ ઝપેટાઈ જતાં આખા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, ફાયર એન.ઓ.સી. (NOC) અને તેને લગતી કામગીરી ક્લિયર કરાવવાના બદલામાં ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે ફરિયાદી પાસે રૂ. ૩૫,૦૦૦ની ગેરકાયદેસર કમિશન/લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ ભ્રષ્ટ વ્યવસ્થા સામે ઝૂકવા તૈયાર નહોતા, જેથી તેમણે તુરંત જ ACBનો સંપર્ક સાધ્યો હતો.

ફરિયાદીની ફરિયાદના આધારે ACBની ટીમે કાયદાકીય જાળ બિછાવી હતી. આયોજનબદ્ધ રીતે ઘડી કાઢવામાં આવેલી ટ્રેપ મુજબ, જેવા અમિત ડોંગરે લાંચની રકમ સ્વીકારી કે તરત જ પૂર્વ-આયોજિત ઈશારો મળતાં જ ગાબડું પાડીને ACBની ટીમે તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. લાંચના રોકડા રૂપિયા સાથે અધિકારી આબાદ પકડાઈ જતાં તેમની તમામ ચાલાકીઓ નિષ્ફળ નીવડી હતી.

જનતાના ટેક્સના પૈસા અને સુરક્ષાના નામે ખિસ્સા ભરતા આવા ભ્રષ્ટ અધિકારીની ધરપકડથી એએમસી (AMC)ના વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જનતા સવાલ પૂછી રહી છે કે, શું ફાયર સેફ્ટી જેવા સંવેદનશીલ વિભાગમાં પણ આવા 'કાળા કારનામા' ચાલી રહ્યા હતા?

હાલમાં ACBએ અમિત ડોંગરે વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (PCA) હેઠળ ગુનો નોંધીને તેમની અટકાયત કરી છે. આગળની તપાસમાં તેમના નિવાસસ્થાને દરોડા પાડીને બિનહિસાબી સંપત્તિ અને અન્ય કાળા કામોની વિગતો બહાર લાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

કાયદાનો હાથ લાંબો છે, અને ભ્રષ્ટ ગમે તેટલો મોટો અધિકારી હોય... છટકવું અશક્ય છે!

# સીલ મારેલી 60 દુકાનો ખુલશે પણ ફટાકડા નહીં વેચી શકે, વેપારીઓએ બોન્ડ લખવા પડશે



અમદાવાદ

અમદાવાદ બ્લાસ્ટ કેસમાં 10 લોકોના મોત બાદ, ગેરકાયદે ચાલતી 60 ફટાકડાની દુકાનો અને ગોડાઉનો સીલ કરાયા હતા. ભાજપના દબાણથી 20 જ દિવસમાં આ દુકાનો ખોલવાનો નિર્ણય લેવાયો છે. જોકે, વેપારીઓ ફટાકડા વેચી શકશે નહીં, માત્ર અન્ય સિઝનલ વેપાર કરી શકશે. આ નિર્ણય રોજગારીના પાસાને ધ્યાને રાખી લેવાયો છે. અમદાવાદની સરહદ પર ગતરાડ નજીક ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં 10 લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ મ્યુનિસિપલ શહેરભરમાં તપાસ કરીને અસલામત રીતે ચાલતા ફટાકડાના 60 દુકાન અને ગોડાઉન સીલ કર્યા હતા. પરંતુ ઘટનાના માત્ર 20 દિવસમાં જ આ દુકાનોના સીલ ખોલી આપવાનો નિર્ણય લેવાયો છે. જોકે, જે તે દુકાનમાં વેપારીઓ ફટાકડાનું વેચાણ કરી શકશે નહીં, તેવી શરત રાખવામાં આવી છે. ફટાકડા ફેક્ટરીના બ્લાસ્ટની 18મી જુલાઈની ઘટના બાદ મ્યુનિસિપલના એસ્ટેટ અને ફાયર વિભાગે શહેરભરમાં તપાસ કરીને ગેરકાયદે રીતે અને લોકોના જીવ જોખમાય તેવી રીતે ચાલતા ફટાકડાના 60 દુકાન તથા ગોડાઉન સીલ કરી દીધા હતા. જેને ખોલી આપવા માટે ભાજપના જ નેતાઓ દ્વારા દબાણ શરૂ થતાં આખરે આજે સ્થાયી સમિતિ દ્વારા આ દુકાનો ખોલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બહેરામપુરા અર્બન હેલ્થ સેન્ટરની બિસ્માર હાલતથી જનતા ત્રસ્ત

# વીઆઈપી શો-બાજી માટે બજેટ, પણ ગરીબોની હોસ્પિટલમાં પીવાનું પાણીય નથી!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને રાજ્ય સરકાર એક તરફ પતંગ ઉત્સવ, ફ્લાવર શો અને નેતાઓ-મંત્રીઓના ભવ્ય રોડ-શો પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે, તો બીજી તરફ ગરીબ અને મધ્યમ વર્ગની સેવા માટે બનેલા અર્બન હેલ્થ સેન્ટરો પાયાની સુવિધાઓ માટે તરફડી રહ્યા છે. અમદાવાદના બહેરામપુરા વોર્ડમાં આવેલા ખોડીયારનગર નજીકના અર્બન હેલ્થ સેન્ટરમાંથી સામે આવેલી દયનીય તસવીરો તંત્રની નીતિ અને દાનત સામે ગંભીર સવાલો ઊભા કરી રહી છે. બહેરામપુરાના ખોડીયારનગર સ્થિત આ અર્બન હેલ્થ સેન્ટરમાં દરરોજ સેંકડો સ્થાનિક નાગરિકો સારવાર, જન્મ-મરણના દાખલા અને સરકારી આરોગ્ય યોજનાઓના લાભ લેવા માટે આવે છે. પરંતુ અહીં પગ મૂકતા જ તંત્રની ઘોર બેદરકારી છતી થાય છે: પીવાનું પાણી બંધ, RO મશીન ધૂળ ખાય છે: કાળઝાળતી ગરમી અને સામાન્ય દિવસોમાં પણ અહીં દર્દીઓ અને તેમના સગાંઓ માટે પીવાના પાણીની કોઈ સુવિધા નથી. વોટર કૂલર અને પીવાના પાણીનું મશીન લાંબા સમયથી બગડેલી હાલતમાં પડ્યું છે. લાઈટ-પંખા બંધ, હેલ્થ સેન્ટરમાં વીજ પુરવઠો અને પંખાઓ બંધ હાલતમાં હોવાથી અહીં આવતા નાના બાળકો, વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓને ભારે ઉકળાટ અને અગવડતા વેઠવી પડે છે. જન્મ-મરણ વિભાગના દરવાજા તૂટેલા: સરકારી કાગળો અને મહત્વપૂર્ણ કામગીરી માટે જાણીતા જન્મ-મરણ વિભાગના દરવાજા પણ તૂટેલી અને બિસ્માર હાલતમાં છે, જેના કારણે સુરક્ષા અને સુવિધા બંને સામે પ્રશ્નાર્થ ઊભો થાય છે. AMC સ્ટાફ પણ મુશ્કેલીમાં: માત્ર આમ જનતા જ નહીં, પરંતુ દિવસ-રાત ફરજ બજાવતો એએમસીનો પોતાનો સ્ટાફ પણ સુવિધાઓના અભાવે નરકાગાર જેવી સ્થિતિમાં કામ કરવા મજબૂર બન્યો છે. જનતાનો તીખો સવાલ: રોડ-શો માટે કરોડો, તો ગરીબોના સ્વાસ્થ્ય માટે કેમ બજેટ નથી? સ્થાનિક રહીશો અને નાગરિકોમાં આ મુદ્દે ભારે આક્રોશ વ્યાપ્યો છે. લોકોનો સીધો સવાલ છે કે જો સરકાર અને એએમસી પાસે કરોડોના ખર્ચે ઉત્સવો, મહોત્સવો અને નેતાઓની વાહવાહ માટે રોડ-શો યોજવાનું બજેટ હોય, તો પછી બહેરામપુરા જેવા શ્રમિક અને ગરીબ વસ્તી ધરાવતા વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટરનું સમારકામ કરાવવા કેમ બજેટ નથી?

# મેયર હિતેશ બારોટની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક

હર ઘર તિરંગા' અભિયાનને આકાશે આંબવા કર્ણાવતી મહાનગરમાં તડામાર તૈયારીઓ શરુ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશવ્યાપી આહ્વાનથી પ્રેરિત 'હર ઘર તિરંગા' અભિયાનને સમગ્ર કર્ણાવતી મહાનગરમાં અભૂતપૂર્વ સફળતા અપાવવા અને રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જવાના ભાગરૂપે પૂર્વ તૈયારીઓની સમીક્ષા માટે એક મહત્ત્વની અને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ ગઈ. અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં અભિયાનને ઘર-ઘર સુધી પહોંચાડવા માટેનું વિસ્તૃત આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની (IAS), અમદાવાદ શહેર પોલીસ કમિશનર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, શાસક પક્ષના નેતા શ્રી જશુભાઈ ઠાકોર તેમજ દંડક શ્રી અતુલ મિશ્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાનગર સંગઠનના વિવિધ હોદ્દેદારો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન મેયર હિતેશ બારોટ અને ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, શહેરના દરેક નાગરિકના દિલમાં અને ઘર પર રાષ્ટ્રધ્વજ તિરંગો આન, બાન અને શાન સાથે લહેરાય તે માટે તંત્ર અને સંગઠન સાથે મળીને કામ કરશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI